દેશ ભાવના, સંસ્કૃતિ અને અધ્યાત્મનો સમન્વય

શ્રાવણ પૂર્ણિમા
વિક્રમ સંવત ૨૦૭૬

# શાશ્વત સંદેશ

ભારત જનજાગૃતિ
અભિયાન
પુસ્તક-૨



આ પરદેશમાં જૂઓ તો કેટલા કરોડના ફાઉન્ડેશન, ફોર્ડ ફાઉન્ડેશન ને ફલાણાં ફાઉન્ડેશન. એક એક દેશમાં આટલા બધાં ફાઉન્ડેશન અને તેની મદદ આપણાં દેશમાં આવે, પણ આપણાં દેશના લોકોને કોઈને સૂઝતું નથી. પૈસાદારો આપણે ત્યાં નથી એમ નથી. (તો કહેશે) અમેય ટ્રસ્ટો કર્યાં છે. પણ એ તો કુટુંબના ટ્રસ્ટો ભાઈ હોં. એ ઈનકમટૅક્સ બચાવવા છે. હારી વાત છે.

પણ આ કાળ વિજ્ઞાનનો છે સાહેબ. હું તમને સાચી વાત કરું છું. ( તો કહે) કે મોટા આ તમે ભગવાનમાં વિજ્ઞાન! (પણ હું કહું છે કે વિજ્ઞાનમાં) પણ જરુર એ ભગવાન છે. હું આજે તમને સાચી વાત કહું છું, કે કુદરત પોતાની બક્ષિશ આપવામાં આજે મોકળા હાથે તૈયાર છે, આ ખૂલ્લા હાથ કરેલા છે. આ કુદરત! કુદરત પોતાના રહસ્યો ખોલવાને માટે તત્પરતાવાળી છે. આ વિજ્ઞાનની કેટકેટલી શોધખોળો વિશ્વવિગ્રહ પછી થઈ તેનો વિચાર કરો. આ કુદરતનું રહસ્ય વિજ્ઞાનીઓ પામતા જાય છે.

શ્રીમોટા વાણી, પ્રમથ આવૃત્તિ, પૃષ્ઠ-૧૨

-પૂજ્ય શ્રી મોટા

# શુભ રક્ષાબંધન



શાશ્વત સંદેશના તમામ વાચકમિત્રોને આજના રક્ષાબંધનના પાવન તહેવારની ખૂબ ખૂબ શુભકામનાઓ. પરમ કૃપાળુ શ્રી હરિ અને મા ભગવતી આપનું હંમેશા રક્ષણ કરે અને જીવન ઊર્ધ્વગામી બનાવે એવી પ્રાર્થના સાથે અત્રે મહાત્મા શ્રી યોગેશ્વરજીનો રક્ષાબંધનનો સંદેશ પ્રસ્તુત છે. આપણે દર વર્ષે પરંપરા મુજબ વહેલા ઊઠી જઈએ છીએ, પૂજા કરીએ છીએ, રાખડી બંધાવીએ છીએ અને આનંદ ઉલ્લાસ કરીએ છીએ. પણ એ રાખડી કાયમ ટકતી નથી. અમુક સમય સુધી જ રહે છે. જો શરીરના અણુ અણુમાં ભગવાનના નામની રાખડી બાંધી લઈએ તો તમામ ભય, ભેદ, કામ, ક્રોધ, વાસના, મોહ એ બધું જ છુટી જાય છે. આવો દિવ્ય સંદેશ આ મહાપુરુષે પોતાના જીવનમાં અનુભવીને એ પછી ધર્યો છે.

## રક્ષાબંધનનો સંદેશ

અમે બાંધી રક્ષા નવ હૃદયમાં કિંતુ કરમા,
ગઈ તૂટી અંતે અમૃતમય આત્મે નવ બની;
શકી, એથી એનો પ્રતિદિન રહી યાદ કરવી,
કદી બંધાઈ જો અણુંઅણુંમહીં હોત ખલુ એ.

બંધાયે તો દોષો છળ મનતણાં ભેદભય ને,
ટકી ક્યાંથી પ્રાણે શકત મમતા મોહ પડળો?

-શ્રી યોગેશ્વરજી (કાવ્યસંગ્રહ દ્યુતિમાંથી સાભાર)

પ્રકાશન સ્થળ:
યોગેશ કવીશ્વર,
શાશ્વત સંદેશ કાર્યાલય,
મું. લાપાળિયા, તા.જિ. અમરેલી-
૩૬૫૬૦૧

દેશભાવના, સંસ્કૃતિ અને અધ્યાત્મનો સમન્વય

# શાશ્વત સંદેશ

સંપાદક:યોગેશ કવીશ્વર

Applied for Registration
ISSN Request ID: 26536

વર્ષ-૧ અંક-૨ શ્રાવણ પૂર્ણિમા વિક્રમ સંવત ૨૦૭૬

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાયે રહેજો જીવન સહારો

## લવાજમ

વાર્ષિક રુ. ૧૦૦

ગમે તે માસથી ગ્રાહક થઈ શકાય છે અને એક સાથે ગમે તેટલા વર્ષનું લવાજમ ભરી શકાય છે

લવાજમની રકમ બૅંક ખાતામાં મોકલાવીને સ્ક્રીનશોટ કે પહોચની નકલ વોટ્સએપ કે ઈમેલ દ્વારા મોકલીને જાણ કરવી.

મનીઓર્ડરથી પણ લવાજમ ભરી શકાય છે, સાથે અંક મેળવવા માટેનું ઈમેલ સરનામું અચૂક મોકલવું.

તમામ પ્રકારનો પત્ર વ્યવહાર પ્રકાશન સ્થળના સરનામા પર કરવો.

## ઈ બૅંકીંગ:

**ખાતાનું નામ:** યોગેશ કવીશ્વર
સ્ટેટ બૅંક ઓફ ઈન્ડિયા, નાગનાથ મેઈન બ્રાંચ, અમરેલી
**બચત ખાતા નં:**૩૩૮૩૫૫૪૫૭૨૫
IFS Code : SBIN0000312
UPI : yogesh.kavishwar@pingpay

વેબસાઈટ : www.shashwatsandesh.com
ઈમેઈલ : admin@shashwatsandesh.com

## લેખકો માટે

- શાશ્વત સંદેશ માટે તેની ભાવનાને અનુરુપ લેખો, ગીતો, કાવ્યો મોકલવા લેખકોને આમંત્રણ છે. યોગ્ય સાહિત્ય પ્રકાશિત કરવામાં આવશે.
- લખાણ પોસ્ટ દ્વારા પ્રકાશનના સરનામા પર કાગળની એક બાજુએ સુવાચ્ય અક્ષરોમાં લખીને અથવા ટાઈપ કરેલી પ્રિન્ટ કાઢીને મોકલી શકાય છે.
- લેખ વગેરે ઈમેલ દ્વારા પણ મોકલી શકાય છે. સાથે લેખકનું પૂરું નામ અને સરનામું અવશ્ય લખવાં.

ટાઈપસેટિંગ:
પ્રણવ જોષી
મો.૮૩૨૦૬૦૬૪૧૫
સરનામુ : નાગનાથ મંદિર પાસે, લાયબ્રેરી રોડ, અમરેલી - ૩૬૫૬૦૧

* અમરેલી ન્યાયક્ષેત્રને આધીન.

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| મુખપૃષ્ઠ | -- | -- |
| આ ફાઉન્ડેશનો | પૂ. શ્રી મોટા | -- |
| રક્ષાબંધનનો સંદેશ | શ્રી યોગેશ્વરજી | -- |
| તંત્રીપાનું | -- | ૦૧ |
| કોરોનાકાળ | સંપાદક | ૦૨ |
| વાળો, તલનું તેલ અને દેશી ઘી | કિન્નર આચાર્ય | ૦૪ |
| સંસ્કૃતિના જ્યોતિર્ધર:યોગેશ્વરજી | સંપાદક | ૦૮ |
| માતૃભાષામાં શિક્ષણ | મહાત્મા ગાંધી | ૧૦ |
| રામમંદિર વિશેષ અહેવાલ | સંપાદક | ૧૩ |
| સ્ત્રીઓ તો વિશ્વની માતા | પૂ. શ્રી મોટા | ૧૬ |
| દેશસેવા માટે કૉલેજ ત્યાગ | પૂ. શ્રી મોટા | ૧૭ |
| શિવ સ્તુતિ | -- | ૧૯ |
| વૈજ્ઞાનિક સાથે સાક્ષાત્કાર | સંપાદક | ૨૧ |


## ગ્રાહકો માટે

- ગ્રાહકોને પોતાનો ગ્રાહક નંબર લવાજમની પાકી પહોંચ સાથે આપવામાં આવ્યો હોય છે તે નોંધી લેવો.
- શાશ્વત સંદેશ અંગે આપના પ્રતિભાવો તેમજ આપનો સહકાર આવકાર્ય છે. પ્રતિભાવો આપ ઈમેલ દ્વારા કે કાર્યાલયના સરનામે મોકલી શકો છે. અમારું કાર્ય આપને ગમ્યું હોય તો અન્ય વ્યક્તિને પણ ગ્રાહક બનવા માટે પ્રેરીને આપ આ કાર્યમાં યોગદાન આપી શકો છે.
- અંક દરેક મહિનાની પૂર્ણિમાના દિવસે પ્રકાશિત થશે અને આપને ઈમેલ દ્વારા અંક મોકલવામાં આવશે.
- આપ અમારી વેબસાઈટ પર પણ મર્યાદિત સાહિત્ય વાંચી શકો છો અને નમૂના માટે મૂકવામાં આવેલા અંકો વાંચી શકો છો.
- અમારી વિનંતી છે કે કોઈપણ અંકની પીડીએફ આપ સોશ્યલ મીડિયામાં શેયર કરશો નહીં. અમારો ઉદ્દેશ્ય છે કે આ વાંચનથાળ યોગ્યતા ધરાવતા સુપાત્ર લોકો સુધી પહોચે. સોશ્યલ મીડિયા આ માટેનું યોગ્ય માધ્યમ નથી.

તંત્રી લેખ

# કોરોનાકાળ: વિનાશ એ જ પુનરુથ્થાનની શરુઆત

ભારતમાં યુગોથી સમયની સાથે સાથે અનેક પ્રકારના બદલાવો-મોટા બદલાવો આવેલા છે. એક સમયે રાજાશાહી હતી, હવે લોકશાહી છે. એક સમયે ભારતમાં સંસ્કૃતની બોલબાલા હતી અને હવે અંગ્રેજીની બોલબાલા છે. જ્યારે પણ મોટો બદલાવ લાવવો હોય ત્યારે સમાજમાં અંધાધૂંધી, મોટી ઉથલપાથલ થવી જરુરી છે. તેની સમગ્ર સમાજ ઉપર દૂરોગામી અસર પડતી હોય છે. લોકો વર્ષોની મહેનત બાદ પણ જે બદલાવો ન લાવી શકે તે કુદરત આવી રીતે ટૂંકાગાળામાં લાવી શકે છે. અત્યારે પણ એવો જ પરિવર્તનનો સમય ચાલી રહ્યો છે.

હાલમાં કોરોનાની મહામારીએ સમગ્ર વિશ્વમાં હાહાકાર મચાવ્યો છે અને લોકો અનેક સંકટો, દુઃખો વચ્ચેથી પસાર થઈ રહ્યાં છે. કુદરત જાણે કોપિત થઈ હોય તેમ મોતનું તાંડવ જોવા મળી રહ્યું છે. લોકોનું સામાન્ય જીવન બાધિત થઈ ગયું છે અને અને કારમો કોરોનાકાળ ક્યારે સમાપ્ત થશે તેની પણ લોકોને ખબર નથી. માત્ર ભારત જ નહીં પણ વિશ્વના અનેક દેશો લપેટાયાં છે.

આ સ્થિતિ વચ્ચે નજર માંડશો તો જણાઈ આવશે કે સમાજમાં કેટલાક ઊડીને આંખે વળગે તેવા મોટા બદલાવો થયાં છે, થઈ રહ્યાં છે. લગ્નપ્રથામાં મોટું પરિવર્તન આવ્યું છે. મરણ બાદ કરવામાં આવતા જમણવાર બંધ થયાં છે. લોકો વચ્ચે શારીરીક મુલાકાતો ઓછી થઈ છે. વિશ્વના લોકોએ ભારતની નમસ્કારની પદ્ધતિ અપનાવી છે, અપનાવવી પડી છે. ભારતની મૃત્યુ બાદ અગ્નિદાહની જે પરંપરા છે તેની પાછળ રહેલું વૈજ્ઞાનિક મહત્વ પણ હવે દેશ અને દુનિયાના લોકોને સમજાયું છે. કોરોનાથી બચવા માટે પ્રથમ વખત જ લોકો આયુર્વેદ તરફ વળી રહ્યાં છે. હાલમાં લોકોમાં જે સામૂહિક તનાવની સ્થિતી છે તેમાં રાહત મેળવવા માટે પણ યોગાસનો અને ધ્યાનની પદ્ધતિ ઘણી જ ઉપયોગી સાબિત થાય તેમ છે, થઈ રહી છે.

વિશ્વમાં વસતી સતત વધતી જ રહે છે ત્યારે કુદરત આ રીતે પણ વસતીને નિયંત્રીત કરતી હોય છે. દરેક મુશ્કેલીનો અંત જરુર હોય છે અને આ આફત પણ એક દિવસ શમી જ જશે. મહાત્મા શ્રી યોગેશ્વરજીએ કહ્યું છે તેમ આ દિવસો પણ ચાલ્યાં જશે.

દિકરો કે દિકરીના લગ્ન કરાવવા હોય તો પિતા આખી જિંદગી પ્રસ્વેદ પાડીને રકમ એકઠી કરે છે અને સમાજમાં જ્ઞાતિના રિવાજો મુજબ ધામધૂમથી પ્રસંગ ઉકેલવા માટે તેને જે મહેનત, માનસિક પરિશ્રમ ઊઠાવવા પડે છે તે એ એકલો જ જાણતો હોય છે. ઘણાં પરિવારોની સ્થિતી સારી ન હોવાના કારણે નાછુટકે સમૂહલગ્નની પ્રથામાં જોડાવું પડે છે. ઘણી વખત આર્થિક ચિંતામાં પરિવારનો મોભી આત્મહત્યા કરી લે છે. આવી પ્રથાને સમાજે આજે નહીં તો કાલે સમાજના હિતમાં તિલાંજલી આપવી જ જોઈએ. આ કોરોનાકાળે તે લોકો માટે સુલભ બનાવી દીધું છે. હવે આવશ્યક્તા હોય તો એ છે કે આપણે આ દિશામાં આગળ વધીને કાયમી ધોરણે આ નવી પ્રથાને અપનાવવાની છે. તેનાથી અનેક પરિવારનો માળો વિખેરાતો બચી જશે. અનેક પિતાઓની ચિંતા હળવી થશે.

આ જ રીતે મૃત્યુ પાછળ કરવામાં આવતા જમણવારનું પણ શાસ્ત્રીય રીતે કોઈ જ મહત્વ નથી. એ પણ માત્ર એક રિવાજ જ છે. હાલના કોરોનાના કાળમાં ફરજીયાતપણે મૃત્યુભોજન બંધ રાખવા પડ્યાં. તેનાથી કોઈને ક્ષોભ પણ ન અનુભવવો પડ્યો. લગ્નમાં ૫૦ની જ મર્યાદા હોવાથી આમંત્રણ ન આપ્યાં તો પણ કોઈને ખોટું ન લાગ્યું. આ જ આદર્શ પ્રથા છે. હવે આપણે સમાજના હિતમાં આ દિશામાં આગળ વધવું જોઈએ. તેનાથી સમાજને અનેક લાભ થશે. નાણાનો વ્યય અટકશે.

ભારતમાં વર્ષોથી બે હાથ જોડીને નમસ્કાર કરવાની પ્રથા છે. તે વૈજ્ઞાનિક છે. એકબીજા વ્યક્તિનો સ્પર્શ ન થવાથી તેનામાં રહેલા વાયરસ, ગુણો વગેરે આપણાં શરીરમાં પ્રવેશી શકતાં નથી. અસ્પૃશ્યતાના મૂળમાં પણ આ જ કારણ હતું પણ બાદમાં તે વિકૃત બનીને જાતિવાદ પર કેન્દ્રિત બની ગઈ હતી. કોરોનાના કારણે દુનિયામાં જે હસ્તધનૂનની પ્રથા હતી તેના બદલે નમસ્કારની પ્રથા અપનાવવી પડી છે અને તેમાં રહેલા વૈજ્ઞાનિક રહસ્યથી

પણ માનવજાતિ અવગત થઈ છે. કોરોનાનો કાળ કેટલો સમય રહેશે તે નક્કી નથી અને તે દરમિયાન શક્ય છે કે જૂની જે પ્રથા હતી તે હવે નાશ પામશે અને તેનું સ્થાન આ નવી પ્રથા લેશે. દુનિયાને ભારતીય સંસ્કૃતિને સમજવાનો મોકો મળશે.

ભારતમાં વર્ષોથી મૃત શરીરને અગ્નિદાહ આપવાની પરંપરા છે. આજે ભલે આવી પ્રથાઓને ધર્મની સાથે જોડવામાં આવે છે અને હિંદુ, જૈન આદિ હોય તો અગ્નિદાહ અને અન્ય હોય તો દફન એવા ભાગલાઓ ધર્મના આધારે પાડી દેવામાં આવ્યાં છે. વાસ્તવિક રીતે રણપ્રદેશોમાં અગ્નિદાહ માટે લાકડા મળતાં ન હોવાથી ત્યાં વિકાસ પામેલા ધર્મોમાં દફનની પ્રથા અમલામાં આવી હતી અને ભારતમાં યુગોથી અગ્નિદાહ આપવાની પ્રથા છે. હાલમાં કોરોનાના કાળમાં એ પણ સાબિત થઈ ચૂક્યુનિક છે. કારણ કે મૃતદેહને દફનાવ્યા બાદ પણ તેના શરીર દ્વારા કોઈપણ રીતે અન્યને કોરોના જેવા વાયરસનો ચેપ લાગવાની શક્યતા રહે છે જ્યારે અગ્નિદાહમાં બધું જ બળીને ભસ્મ થઈ જાય છે. રાખ દ્વારા પણ ચેપ લાગવાની કોઈ શક્યતા રહેતી નથી. અગ્નિ વિષાણુઓને પણ ભસ્મ કરી દે છે.

હાલના સમયમાં જે રીતે માનવ જાતિએ વિકાસ કર્યો છે અને સાથે સાથે પર્યાવરણથી માંડીને સમગ્ર પ્રકૃતિનો જે રીતે વિનાશ કર્યો છે, કુદરત જાણે તેનો બદલો લઈ રહી હોય તેમ માનવ જાતે આ મહામારીથી એટલું તો સમજવું જ પડશે કે માનવ ભલે ગમે તેટલો શક્તિશાળી બની જાય પણ તે કુદરત સામે હંમેશા વામણો જ છે. બધું જ આપણાં હાથમાં નથી. વિશ્વમાં એવી પણ કોઈ સર્વોપરી શક્તિ છે જે ધારે તો પળમાં જ વિનાશ, પળમાં સર્જન કરી શકે છે. સમાજમાં ધારે તેવા બદલાવો લાવી શકે છે અને હંમેશા માનવની ઈચ્છા મુજબ જ નથું નથી. એ સત્તાની ઈચ્છા જ સર્વોપરી છે. જો માનવજાતિ પોતાની મર્યાદમાં નહીં રહે તો કુદરતે આ રીતે પોતાની શક્તિનો પરીચય કરાવવો જ પડશે. કુદરત પાસે આવા તો અનેક વિનાશક શસ્ત્રો છે જેના દ્વારા તે સર્વનાશ પણ કરી શકે છે.

આમ છતાં આ કુદરત આપણી માતા છે, પાલનપોષણ કરે છે એટલે પિતા છે અને તે હંમેશા આપણાં હિતમાં જ કાર્ય કરે છે તે પરમ સત્યને પણ આપણે ન ભૂલવુ જોઈએ.

અમેરિકની અંક સંસ્થા દ્વારા કરવામાં આવેલા એક સર્વેક્ષણમાં એવો ચિતાર રજૂ કરવામાં આવ્યો હતો કે વિશ્વમાં કોરોનાનો ઓછાયો અમુક વર્ષો સુધી રહે તેવી શક્યતા છે. તે દરમિયાન માનવજાતિની જીવન પદ્ધતિમાં ધરમૂળથી ફેરફારો થઈ અને આખી જીવનપદ્ધતિ જ બદલાઈ જશે. જો લોકો જાતે જ બદલાવ અપનાવવા માટે તૈયાર ન થાય તો ક્યારેક કુદરત આ રીતે પણ સમાજમાં બદલાવો લાવી શકે છે. જો કે હજુ તો શું થશે એ ભવિષ્યના ગર્ભમાં જ છુપાયેલું છે અને અગાઉથી એના વિષે માત્ર અનુમાનો જ કરી શકાય છે. આમ છતાં આપણે એવી અપેક્ષા અવશ્ય રાખી શકીએ કે આ મહામારી પણ માનવજાતિ માટે સુદ્રઢ, સુખદ, ઉજ્જવળ ભવિષ્યના નિર્માણ માટેની નીવ રાખશે. સૌ સારાવાના થઈ જશે અને અંતતઃ સૌનું કલ્યાણ થશે. વિશ્વમાં ભારતની પ્રથાઓમાં રહેલી વૈજ્ઞાનિકતા વિષે વિશ્વનો સમાજ અવગત થશે.

હિંદુ જાતિએ પોતાનો ધર્મ શ્રુતિ-વેદો પાસેથી પ્રાપ્ત કરેલ છે. તેમની ધારણા છે કે વેદ અનાદિ અને અનંત છે. શ્રોતાઓને સંભવ છે કે, આ વાત હાસ્યાસ્પદ લાગે કે કોઈ પુસ્તક અનાદિ અને અનંત કેવી રીતે હોઈ શકે? પરંતુ વેદોનો અર્થ પુસ્તક છે જ નહીં. વેદોનો અર્થ છે ભિન્ન-ભિન્નકાળમાં ભિન્ન-ભિન્ન વ્યક્તિઓ દ્વારા આવિષ્કૃત આધ્યાત્મિક સત્યોનો સંચિત કોશ. જે રીતે ગુરુત્વાકર્ષણના સિદ્ધાંત મનુષ્યોની જાણમાં આવ્યાં તે પહેલા પણ પોતાનું કામ કરતાં જ હતાં અને આજ કદાચ મનુષ્યજાતિ તેને ભૂલી જાય તો પણ તે નિયમો પોતાનું કામ કરતાં જ રહેશે. ઠીક એજ વાત આધ્યાત્મિક જગતનું સંચાલન કરનારા નિયમોમાં પણ છે. એક આત્માનો બીજી આત્મા સાથે અને જીવાત્માઓનો પરમ પિતા સાથે નૈતિક અને આધ્યાત્મિક સંબંધ છે. તે તેના આવિષ્કાર પહેલા પણ અને આપણે ભૂલી જઈએ તો પણ યથાવત રહેશે. આ નિયમો કે સત્યોના આવિષ્કાર કરવાવાળા ઋષિ કહેવાય છે અને આપણે તેમને પૂર્ણત્વ સુધી પહોચેલા મહાત્મા માનીને સમ્માન આપીએ છીએ.

રંગ છલકે

-કિન્નર આચાર્ય

# વાળો, તલનું તેલ અને દેશી ઘી:છોડ આયે હમ વો ગલીયાં!

## ઘર-ઘરમાં માટલામાં નાખવામાં આવતો વાળો આજે અદૃશ્યઃ આધુનિકતાના નામે આપણે જૂની સારી બાબતો પણ છોડતાં ગયાંઃ શુદ્ધ ઘી છોડી વેજિટેબલને વળગ્યાં

**(લોકો તમને કહેશે કે, દૂધ અને મિલ્ક પ્રોડક્ટ્સ બંધ કરો, કહેવાતા નિષ્ણાતો કહેશે કે, ઘઉં તો ખવાય જ નહિ, ડાયેટિશિયન સલાહ આપશે કે, શિંગતેલ કે તલનું તેલ ન ખવાય, માત્ર પાણી જેવું પાતળું ડબલ રિફાઈન્ડ એડિબલ ઓઇલ જ ખાવું જોઈએ... સાવધાન! કોઈપણ વસ્તુ છોડતાં પહેલા ગુજરાતના જાણીતા લેખક અને પત્રકાર કિન્નર આચાર્યનો આ લેખ અવશ્ય વાંચો...)**

તમારા ઘરમાં કે પરિવારમાં એંશી-નેવું વર્ષના કોઈ વડીલ હોય તો પૂછી જોજોઃ તેઓ જ્યારે સાવ નાનાં હતાં ત્યારે ઘરમાં રસોઈ માટે ક્યું તેલ ઉપયોગમાં લેવાતું? મોટાભાગનાં વડીલોનો જવાબ 'તલનું તેલ' હશે અને આજે આપણે કયું તેલ પેટમાં ઠાલવીએ છીએ? મલયેશિયાનું પામ ઓઈલ અને ગુજરાતનું કપાસિયાં તેલ! પામ ઓઈલનો એક અને એકમાત્ર ફાયદો એ છે કે, તેમાં બનેલું ફરસાણ લાંબા સમય લગી ખોરું થતું નથી. ટૂંકમાં કહીએ તો તેની શેલ્ફ લાઈફ વધુ છે. બીજું, એ મફતનાં ભાવમાં મળે છે. પણ, આ ફાયદાની સામે એનાં ગેરફાયદા અગણિત છે. કહો કે, એ શરીરનું ધનોતપનોત કાઢી નાખે છે, તેમાં બૅડ કોલેસ્ટરોલનું પ્રમાણ ભયાનક છે, હેલ્થ બૅનિફિટ્સ નહિવત્ છે અને કપાસિયાં તો આમ પણ પશુઓનો ખોરાક કહેવાય છે. આ આપણી ભવ્ય પ્રગતિ છે. તલ જેવાં પવિત્ર, ગુણકારી અને આશીર્વાદ સમાન તેલીબિયાંથી આપણે છેક કપાસિયાં જેવા પશુદાણ સુધી પહોંચી ગયાં.

જાણકારો કહે છે કે, દસ વર્ષ જો કપાસિયાં તેલ ખાઓ તો હાડકાના સાંધા ખતમ થઈ જાય, અન્ય અનેક ગેરફાયદા અલગ. પામ અને કપાસિયાં તેલમાં કોઈ સ્વાદ પણ નથી, બિલકુલ બેસ્વાદ.?કદાચ એ સ્વાદિષ્ટ હોય તો આપણે એવું માની પણ લઈએ કે, લોકો સ્વાદનાં મોહને કારણે એ ઝોંટતા હશે. પણ અહીં તો ઊલટું છે. તલનું તેલ અત્યંત સ્વાદિષ્ટ છે, ગુણોથી ભરપૂર છે. તલને આપણાં શાસ્ત્રોએ પૂજાકર્મમાં પણ સ્થાન આપ્યું છે. કોઈ યજ્ઞમાં ક્યાંય કપાસિયાનો હોમ થતો હોય, એવું જોયું તમે? ક્યાંય પામના બિયાં હોમાય છે? ના. વડવાઓ જાણતાં હતાં કે કયા બિયાંનું તેલ ખવાય, કયા બિયાંનું તેલ ઔષધ તરીકે અમૃત છે અને ખોરાક તરીકે ઝેર છે, કયા બિયાંના તેલનો ઉપયોગ ઘઉં સાચવવા થાય અને શેનો માત્ર માલીશ માટે થઈ શકે.

બેશક તલનું તેલ મોંઘું છે. પણ, એ તો આપણા કારણે મોંઘું છે. આજે પણ તલનાં ઉત્પાદનમાં ગુજરાત આખા દેશમાં નંબર વન છે. ઘેર-ઘેર જો તલનું તેલ ખવાતું હોત તો ખેડૂતો કપાસની ખેતી તરફ વળ્યા જ ન હોત. અગાઉ તો ખાદ્યતેલની વાત થાય ત્યારે એવું સમજી જ લેવું પડતું કે, તલનાં તેલ અંગે વાત થઈ રહી છે. પછી મગફળીનું તેલ અથવા તો શિંગતેલ આવ્યું. ત્યારે જે લોકો શિંગતેલ ખાતા તેનું સ્ટેટસ ડાઉન ગણાતું. લોકો માનતા કે, તેલ તો તલનું જ ખાવાનું હોય. કારણ કે, તલનાં તેલનો ઔષધિય ગુણો પણ પારાવાર છે. જો કે, મગફળીનું તેલ પણ પોષણથી અને ગુણોથી છલોછલ છે, સ્વાદમાં બેનમૂન છે. પણ, હલકું પામતેલ, કપાસિયાં તેલ અને જાતજાતનાં ડિસ્કો તેલ વેચવા તેની સામે એવો અને એટલો કુપ્રચાર થયો કે

લોકો ડરી ગયા અને ક્રમશઃ તેનો ઉપયોગ પણ ઘટતો ગયો અને આજે આપણે તેનાં વિકલ્પરૂપે સડેલું પામતેલ, કપાસિયાનું તેલ અને તોતિંગ કંપનીઓનાં બ્રાન્ડેડ ઍડિબલ ઓઈલ પેટમાં ઠાલવીએ છીએ. આ બ્રાન્ડેડ ડબલ રિફાઈન્ડ ઓઈલ પણ એક તૂતથી કમ નથી. કેટલાક મોંઘાદાટ બ્રાન્ડેડ ખાદ્યતેલોને અનેક પ્રકારનાં કેમિકલ્સ ઠાલવી ને પાતળા, પારદર્શક અને ચિકાશરહિત બનાવાય છે. આ રાસાયણિક પ્રક્રિયાઓ દરમિયાન તેનાં અનેક ગુણધર્મો અને પોષકતત્વોનો નાશ થાય છે. પણ ફેશન છે. ટેલિવિઝન ઍડવર્ટાઈઝમેન્ટની રૂપાળી પત્ની તમને કહે છે કે, તેનાં પતિનું હાર્ટ સ્વસ્થ રાખવા એ તેને આવું ઝેર ખવડાવે છે! અને આપણે માની પણ લઈએ છીએ. કહેનારી દીવાની નથી કારણ કે, તેને એ કહેવાનાં લાખો - કરોડો રૂપિયા મળે છે. આપણે ચોક્કસ જ દીવાના અને મૂર્ખ છીએ. કેમ કે, ગાંઠના પૈસે આપણે સોનાની જગ્યાએ કથિર ખરીદીએ છીએ અને પેટમાં ઠાલવીએ છીએ. મકાઈથી લઈને ચોખાના ફોતરાં અને પશુદાણનાં બિયાંના તેલથી બજાર ખદબદી રહ્યું છે. કેટલાં વર્ષો સુધી મૂર્ખ બનવું છે? જે વસ્તુ નિયમિત પેટમાં ઠાલવવી છે - તેનાં વિશે થોડો અભ્યાસ કરવાની આદત કેળવીએ. આજનાં સમયમાં ધનવાન વર્ગ માટે તલનાં તેલથી વિશેષ અને બાકીનાં વર્ગ માટે શિંગતેલથી વિશેષ બીજું કોઈ ખાદ્યતેલ નથી. એ પણ દેશી ઘાણીનું, માત્ર કપડાંથી ગાળેલું હોવું જોઈએ, રિફાઈન્ડ નહિ.

બહુ બધું ધુપ્પલ ચાલ્યું છે. માર્કેટના માફિયાઓ દરરોજ આપણા દિમાગમાં ઝેર ઠાલવતાં રહે છે. સાવધાન! એમની વાતો માનવી એ તંદુરસ્તી માટે હાનિકારક છે. આખો મુદ્દો યાદ આવવાનું કારણ છે, ગયા અઠવાડિયે આવેલા એક ન્યૂઝ સમાચાર કંઈ ફ્રન્ટ પેજ પર હેડલાઈન નથી બન્યા, અંદરના પેઈજ પર પણ દેખાયા નહિ. ટીવી પર પણ જોવા ન મળ્યા. ન્યૂઝ એ હતા કે નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલે કેન્દ્ર સરકારને ભલામણ કરી છે કે, દેશમાં ચોક્કસ સ્તરની નીચા ટીડીએસનું પાણી આવતા આર.ઓ. વોટર પ્યોરિફાયર પર તત્કાળ પ્રતિબંધ મૂકવો જોઈએ. કારણ કે, તેનાં કારણે જળમાં રહેલા પોષકતત્વોનો નાશ થાય છે, ઘણાં મિનરલ્સ અને અન્ય તત્વો ખતમ થઈ જાય છે. હવે ઠેઠ આપણી આંખ ઊઘડવાની શરૂઆત થઈ. જાણકારો બહુ વર્ષોથી કહેતા હતા કે, ઝાલાવાડ - કચ્છ જેવા વિસ્તારોમાં જ્યાં અતિશય ક્ષારયુક્ત પાણી આવતું હોય. ત્યાં કદાચ આર. ઓ. અનિવાર્ય હોઈ શકે. પરંતુ બાકીના વિસ્તારો માટે તો તેનું પાણી વિષ સમાન છે. બન્યું છે એવું કે, શહેરોમાં પણ ઘર-ઘરમાં આર. ઓ. પ્લાન્ટ ઘૂસી ગયા છે. બેવકૂફ લોકો કોઈ જ પ્રકારનાં અભ્યાસ વગર સૌથી મોંઘું મશીન ખરીદવાની ખંજવળમાં આ ભૂત ઘરમાં ઘાલી ચૂક્યા છે. સુપરરિચ લોકો હવે આલ્કલાઈન વોટર ફિલ્ટર ઈન્સ્ટોલ કરી રહ્યા છે. કારણ કે, એ દોઢેક લાખથી શરૂ કરીને ચાર લાખ સુધીનું મળે છે. સ્ટેટસ, યુનૉ!

અગાઉ ઘરનાં માટલાંમાં 'વાળો' (વેટિવર ગ્રાસ) નાંખતા આપણે. સુગંધ પણ તેની ભીની-ભીની રહેતી અને માટલાંના પાણીએ એ 'વાળો' ઓલમોસ્ટ આલ્કલાઈન વોટર જેવું ગુણકારી બનાવી દેતો. આજે હવે 'વાળો' અદશ્ય થઈ ગયો. મકાનોમાં અગાઉ વરસાદી જળનાં સંગ્રહ માટે વિશિષ્ટ વ્યવસ્થા થતી. કળી ચૂનો અને ફટકડી નાંખી ને તે પાણી આખું વર્ષ પીવાનાં ઉપયોગમાં લેવાતું. એ પણ ગયું. બધી જૂની બાબતો સારી જ હતી એવું નથી, પરંતુ સારી વાતોમાંથી મોટાભાગની આપણે ક્રમશઃ છોડતાં ગયા, ભૂલતાં ગયા. આપણને કહેવામાં આવ્યું કે, ઘી તો ઝેર છે! બાઘાની માફક આપણે ઘી બંધ કરવા માંડ્યા અને ભયંકર નુકસાન કરતાં ડાલડા ઘી અથવા તો વેજિટેબલ ઘી તરફ વળ્યા! હવે દેશભરના નિષ્ણાતો સ્વીકારી રહ્યા છે કે, નિશ્ચિત માત્રામાં લેવામાં આવે તો ઘી અમૃત છે! દેશના ખ્યાતનામ ડાયેટિશિયનો હવે સલાહ આપી રહ્યા છે કે, ડેઈલી ડાયેટમાં ઘીને અવશ્ય સ્થાન આપો.મલ્ટિનેશનલ કંપનીઓએ આપણને કહ્યું કે, વાળને સિલ્કી બનાવવા અમારું શેમ્પુ ઈસ્તેમાલ કરો અને અરિઠા, શિકાકાઈ છોડો! આજે હવે એ જ કંપનીઓ અરિઠા અને આમળા અને શિકાકાઈયુક્ત શેમ્પુની કરોડોના ખર્ચે જાહેરાતો ટેલિવિઝન પર આપે છે. આપણે જ્યારે દાંત સાફ કરવા કોલસા કે નમકનો કે દાતણનો ઉપયોગ કરતા

ત્યારે તોસ્તાન કંપનીઓ ભારતીયોની ઠઠ્ઠા-મશ્કરી કરતી હતી. હવે, દરેક મલ્ટિનેશનલ કંપનીઓ કરંજ, બાવળ, લવિંગ વગેરેનો અર્ક નાંખીને ટુથપેસ્ટ બનાવે છે! તેઓ કોલસાવાળી પેસ્ટ પણ બનાવે છે અને દરરોજ આપણને પૂછે છે કે, "આપ કે ટુથપેસ્ટ મેં નમક હૈ? હમણાં એક નવું તૂત નીકળ્યું છેઃ વ્હિટ બેલી. કોઈ એક ઘનચક્કર સંશોધકે તારણ આપ્યું કે, ઘઉંને કારણે પેટ વધે છે, તેમાં રહેલા ગ્લુટેનને કારણે ફાંદ વધે છે. કહેતા ભી દિવાના, સુનતા ડબલ દિવાના. કોઈ ધાનથી એમ પેટ વધતું નથી. માપમાં લો ત્યાં સુધી કશું જ ઝેર નથી. બેશક, બાજરો, જુવાર, મકાઈ જેવા જાડા ધાનનો મહિમા અપરંપાર છે. પણ, તેનો મતલબ એ નથી કે, ઘઉં નકરું નુકસાન કરે છે. સાવધાન રહો, આવા કુપ્રચારથી બચો. આપણી ફુલકા રોટલી જેવી સુપાચ્ય અને પોષક બ્રેડ આખી દુનિયામાં બીજી એકપણ નથી. આવો જ એક ટ્રેન્ડ ચાલ્યો છેઃ વિગન બનવાનો. વિગન એટલે દરેક ડેરી પ્રોડક્ટનો નિષેધ. દૂધ, દહીં, છાસ, માખણ, ઘી, ચીઝ, પનીર.... કશું જ નહિ લેવાનું. ભારતીયો માટે આ કોન્સેપ્ટ બેવકુફીથી વિશેષ કશું જ નથી. કારણ કે, પશ્ચિમમાં આ આઈડિયા પશુઓ પર અત્યાચાર રોકવાની ચળવળના ભાગરૂપે છે. ભારતનું ગોપાલન ક્રુરતાથી જોજનો દૂર છે. અહીં તો ગોપાલક જે-તે ગાયને નામથી ઓળખે છે, ગાય અથવા ભેંસ તેની સખી હોય છે. અહીં ક્રુરતા જેવી કોઈ વાત જ નથી. બીજું, દૂધ-દહીં, ઘી અને પનીરનું આપણી ડિશમાં આગવું સ્થાન છે. એનો મહિમા અને મહત્વ આપણે જાણીએ છીએ. યાદ રાખજો, આજથી પાંચ-દસ વર્ષ પછી આપણે લોકોને વિગનમાંથી ફરી વેજિટેરિયન બનવા ઝુંબેશ કરતા હોઈશું. અગાઉ અનેક બાબતોમાં આવું જ બન્યું છે. મૂર્ખ ન બનો, વેજિટેરિયન બનો, વિગન બનવું એ મુર્ખતા છે

દેશી અને વેસ્ટર્ન કંપનીઓએ આપણને ઉપદેશ આપ્યો કે, નમકમાં આયોડિન અનિવાર્ય છે. તેમણે શેરીમાં નમક વેચવા આવતા ફેરિયાઓની લારીઓ બંધ કરાવી. ફેરિયાઓ ભંગારની સામે નજીક જોખ આપતાં, કંપનીઓએ તગડો ભાવ નક્કી કર્યો. મારો સવાલ તો એ છે કે, દરિયાઈ મીઠું - સી સૉલ્ટ ખાવાની જરૂર જ શી છે? આયુર્વેદમાં પણ સિંધાલૂણનો મહિમા છે, હિમાલયન પિંક સોલ્ટ તરીકે ઓળખાતું ગુલાબી નમક પણ ગુણમાં બેજોડ છે. મેં તો સગી આંખે યુરોપિયનોને ત્યાંના સુપરસ્ટોરમાં સો-બસો ગ્રામની ડબ્બી માટે ત્રણ-ચાર યુરો (ત્રણસો - ચારસો રૂપિયા) હસતાં - હસતાં ચૂકવતાં જોયા છે. અહીં એ પહાડી નમક એકસો રૂપિયાનું કિલો મળે છે અને સિંધવ નમક પચાસ-સાંઠ આસપાસનું. પણ આપણને તબિયત સારી રાખતા આપણા આવા દેશી નમકમાં રસ નથી, બ્લડપ્રેશર હાઈ કરી નાંખતા બ્રાન્ડેડ દરિયાઈ નમક આપણે હોંશે-હોંશે ખરીદીએ છીએ.

ઉદાહરણોની અછત નથી, એક શોધશો તો હજાર મળશે. ચોખાના પૌંઆ છોડ્યા આપણે અને કૉર્નફ્લેક્સ ઝાલ્યા. પૌંઆ જેવો હળવો અને નિર્દોષ એકેય નાસ્તો નથી. પણ આપણને કહેવામાં આવ્યું કે, બાળકો જો આ કૉર્નફ્લેક્સ ખાશે તો અરબી ઘોડાં જેવા તંદુરસ્ત બની જશે. જાણે પૌંઆ - મમરા ખાઈને આપણાં બાળકો લુલાં - લંગડા બની ગયા હોય! આપણને કહેવાયું છે કે, 'ઈન્ડિયન કરી ઈઝ ટુ સ્પાઈસી...' હવે જગત આખું એ જ ભારતીય હર્બ્સ પાછળ ઘેલું છે. એ જ તજ - લવિંગ, મરી-મસાલા, હળદર, મરચું, અજમો, જાયફળ અને જાવંત્રીનો ઔષધિય મહિમા હવે બધા જ સ્વીકારે છે. કોરોના કાળમાં પણ આ જ આપણાં મસાલા હવે ઔષધ તરીકે કારગત નિવડી રહ્યાં છે. આપણે સદીઓથી રસોઈમાં હળદરનો ઉપયોગ કરીએ છીએ, હવે આપણને કહેવામાં આવે છે કે, હળદર ખાઈએ તો અલ્ઝાઈમરથી મહદ અંશે બચી શકીએ. વૈજ્ઞાનિક પરીક્ષણો નહોતા થયા ત્યારે પણ આપણે હળદરનો ઔષધ તરીકે ઉપયોગ કરતા હતા. હવે મેડિકલ સાયન્સ કહે છે કે, તેમાં કરક્યુમિન નામનું એક ચમત્કારિક તત્ત્વ છે - જે મોટાભાગના વાઈરસ, બેક્ટેરિયા અને ફંગસ સામે જબરજસ્ત પરિણામ આપે છે.

અમારા રાજકોટમાં વર્ષો પહેલાં અઠવાડિયે એક વખત એક વૈદ્યરાજ આવતા. ટોકન ચાર્જ લઈને તેઓ નાની-મોટી બીમારીનો ઈલાજ સૂચવે. એમની સારવાર પણ એકદમ યુનિક. આપણા રસોડામાં ઉપલબ્ધ હોય તેવી વસ્તુઓ જ દવા તરીકે સૂચવે. કોઈને અજમો લેવાનું કહે, કોઈને મેથી તો કોઈને વરિયાળી, તજ-લવિંગ, એલચી, જાયફળ કે ધાણાજીરુ. લોકો તેમને 'રસોડાં વૈદ્ય' તરીકે જ ઓળખતા. આપણું રસોડું સ્વયં એક ઔષધ કેન્દ્ર હતું, આપણે તેને રોગોનું ઘર બનાવી દીધું. ફ્રોઝન ફૂડ, પ્રિઝર્વેટિવ ધરાવતા ખાદ્યપદાર્થો અને જાતજાતનાં ફાલતૂ સૉસ આપણાં ભોજનનો હિસ્સો બન્યા. અસલી વસ્તુઓ વિસરાતી ગઈ અને સિન્થેટિક પદાર્થો ઘૂસતા ગયા. જરા વિચાર કરો, કહેવાતી ચાઈનીઝ ડિશમાં ચિલી સોસ, ટોમેટો સોસ, ગાર્લિક સોસ વગેરે ઠલવાય છે. સવાલ એ છે કે, શું આપણી ચટણીઓ એ ફ્રેશ સોસ જ ન ગણાય? આપણે લસણની, મરચાંની, આદુની, કોથમીર - ફુદીનાની ફ્રેશ ચટણીઓ બનાવી જાણીએ છીએ. આ બધી ચટણીઓ એક પ્રકારે એપેટાઈઝરનું કામ પણ કરે છે અને ઔષધનું પણ કરે છે. આપણને આવા છ-બાર મહિના પહેલા બનેલા અને ભરપૂર કેમિકલ્સ ધરાવતા હાનિકારક સોસની કોઈ જ આવશ્યકતા નથી. પણ, હૈસો હૈસો ચાલ્યા કરે છે. બદામ - પિસ્તાવાળું દૂધ બાળકોને આપવાને બદલે હવે આપણે ટીનપેક ફૂડ સપ્લીમેન્ટ આપીએ છીએ, ચિક્કાર ફળો ઉપલબ્ધ હોવા છતાં માત્ર ૨૫ ટકા ફળોનો રસ ધરાવતા ટેટ્રા પેક ખરીદીએ છીએ. આપણા ગામના પાદરે સરગવો સાવ રેઢો ઊભો હતો, વડવાઓ તેનાં પાનમાંથી થેપલાં, મુઠિયાં અને સબ્જી બનાવતાં. એ બંધ કર્યું. આજે એ જ પાંદડાનો પાવડર બે-ત્રણ હજાર રૂપિયે કિલો ખરીદીને ગળચીએ છીએ. કારણ કે, હવે તો નિષ્ણાતો તેનાં ગુણગાન ગાય છે! યાદ રાખજો, આપણાં વડવાઓ કરતાં મોટા નિષ્ણાતો બીજા કોઈ નહોતા, કોઈ નથી.

**જીવને શ્વાસ તણી સગાઈ ઘરમાં ઘડી ના રાખે ભાઈ**
**બાપ કહે બેટો અમારો માતા મંગળ ગાય**
**બેની કહે બાંધવ મારો ભીડ પડે ત્યારે ધાય**
**જીવને શ્વાસ તણી સગાઈ ઘરમાં ઘડી ના રાખે ભાઈ**
**લીંપ્યું ને ગૂંપ્યું આંગણું ને કાઢવાની વેળા થઈ**
**અડશો ના અભડાશો તમે એમ લોક કરે ચતુરાઈ**
**જીવને શ્વાસ તણી સગાઈ ઘરમાં ઘડી ના રાખે ભાઈ**
**ઘરની નાર ઘડી ન વિસરે તે અંતે અળગી થઈ જાય**
**ભોજો ભગત કહે કંથ વળાવી પંથ પોતાને હાલી થાય**
**જીવને શ્વાસ તણી સગાઈ ઘરમાં ઘડી ના રાખે ભાઈ**
**-ભોજા ભગત**

***

જન્મશતાબ્દિ

# સંસ્કૃતિના જ્યોતિર્ધર : મહાત્મા શ્રી યોગેશ્વરજી

## ભારતની પાવનભૂમિ બહુરત્ના વસુંધરા હોવા છતાં આવા મહાપુરુષોનું પ્રાગટ્ય યુગોમાં ક્યારેક જ થતું હોય છે : ૧૦૦થી વધું ગ્રંથો દ્વારા ભારતીય સંસ્કૃતિની અનોખી સેવા કરી

(શાશ્વત સંદેશના વાંચકો મહાત્મા શ્રી યોગેશ્વરજીના નામથી અપરીચિત નથી. આ અગાઉના અંકમાં પણ આપણે શ્રી યોગેશ્વરના દેશભક્તિની ભાવનાથી સભર લેખો, કાવ્યોનું અધ્યયન કરી ચૂક્યાં છીએ. આથી ઘણાં વાંચકોના મનમાં એ મહાપુરુષ વિષે જાણવાની જિજ્ઞાસા પણ ઊભી થઈ હશે. યોગાનું યોગ આ માસથી તેમનું જન્મ શતાબ્દિ વર્ષ શરુ થઈ રહ્યું છે ત્યારે સંક્ષિપ્તમાં તેમનો અને તેમના કાર્યોનો આછેરો પરિચય અત્રે પ્રસ્તુત છે.- સંપાદક)

ભારતની ભૂમિ બહુરત્ના વસુંધરા છે તેમ છતાં શ્રી યોગેશ્વરજી જેવા મહાત્માઓનું પ્રાગટ્ય યુગોમાં ક્યારેક જ થતું હોય છે. ૧૫મી ઓગષ્ટ એટલે એમનો પ્રાગટ્ય દિવસ. પાછળથી જ એ જ દિવસ ભારત માટે આઝાદીનો દિવસ બન્યો.

અમદાવાદ ધોળકા વચ્ચે આવેલા સરોડા ગામમાં ૧૫મી ઓગષ્ટ ઈસ્વીસન ૧૯૨૧ અને ભારતીય પંચાંગ મુજબ શ્રાવણ સુદ બારશને સોમવારના દિવસે તેમનો જન્મ થયો હતો. વહેલી સવારનો સમય હતો અને હજુ સુધી સૂર્યોદય થયો નહોતો. એ સમયમાં ભારત દેશ ગુલામ હતો અને આઝાદી માટેની લડાઈ ચાલતી હતી તેવા કપરાકાળમાં તેમનો પ્રાદુર્ભાવ થયો હતો. તેમના પિતાનું નામ મણીલાલ ભટ્ટ અને માતાનું નામ જડાવબેન હતું જે પાછળથી મા જ્યોતિર્મયી તરીકે પ્રસિદ્ધ થયાં.

ભારતમાં અનેક માતૃભક્ત મહાત્માઓ થયાં છે પણ તેમણે ગૃહ ત્યાગ કર્યા બાદ પોતાના શરીરની જનેતાને સાથે રાખ્યાં નથી. યોગેશ્વરજીના માતાજી મા જ્યોતિર્મયી આજીવન તેમની સાથે જ રહ્યાં અને કપિલમુનિની જેમ તેમણે પણ માતાને મોક્ષ અપાવ્યો હતો. ૮ વર્ષની વયે જ પિતાના અવસાન બાદ તેઓ નાનકડા ગામમાંથી મુંબઈની શાળામાં અભ્યાસ માટે ગયાં પણ ત્યાં નાનકડી વયમાં જ અંતરંગ સાધના શરુ રહી અને માના દર્શન કરવાની તાલાવેલી લાગી. ત્યાં તેમને શ્રી નારણભાઈ જાની જેવા મિત્ર મળ્યાં જે છેક સુધી તેમની સાથે રહ્યાં એટલું જ નહીં પણ આજેય તેમનો આખો પરિવાર શ્રી યોગેશ્વરજી સાથે સંકળાયેલો છે અને તેમની સેવામાં સમર્પિત છે.

યોગેશ્વરજીને નાનપણથી જ હિમાલયમાં જઈને તપશ્ચર્યા કરવાની તાલાવેલી લાગી હતી. પ્રથમ વખત તેઓ હિમાલય ગયાં ત્યારે ઋષિકેશમાં શિવાનંદ આશ્રમમાં પોતે હંમેશ માટે મુક્ત હોવાનો અને માયા તેમને ક્યારેય લોપશે નહીં તેવો અનુભવ થયો. ફરી ગુજરાતમાં આગમન બાદ પુનઃ હિમાલયમાં સાધના માટે જવાની તીવ્ર ઈચ્છાના કારણે ગમન કર્યું અને એક વર્ષ સુધી ઋષિકેશની દેવકીબાઈ ધર્મશાળામાં મૅનેજર તરીકે રહ્યાં અને સાધના કરી. ત્યાં તેમને એવા જ બીજા દેશભક્ત મિત્ર ચંપકભાઈ વોરા સાથે મિલાપ

થયો જેઓ જીવ્યાં ત્યાં સુધી તેમની સાથે જ સંકળાયેલા રહ્યાં. ધર્મશાળામાં ત્રિકાળજ્ઞ મહાત્માનો પણ અનુભવ થયો. બાદમાં ચંપકભાઈની સાથે દશરથાચલ પર્વત પર કઠોર તપ કર્યું અને ત્યાં ભગવાન રામ, ભગવાન શિવના દર્શન તેમજ નિરાકાર સમાધિ સહિતના અનેકવિધ અનુભવો થયાં. બાદમાં દેવપ્રયાગમાં શાંતાશ્રમ નામની કુટીયામાં પણ તેમણે વર્ષો સુધી સાધના કરી અને મા જગદંબાના સાક્ષાત દર્શન જ નહીં પણ સતત સાનિધ્ય પ્રાપ્ત કર્યું. આ સાધના દરમિયાન તેમને પોતાના પૂર્વ જન્મોનું જ્ઞાન, અનેકવિધ શક્તિઓ ધરાવતા મહાત્માઓ, દિવ્યપુરુષો સાથે મુલાકાત જેવા અનુભવો થયાં. તેમની આત્મકથા પ્રકાશના પંથે ખૂબ જ લોકપ્રિય બની છે અને તેમાં અનેક અદ્દભૂત અનુભવોનું વર્ણન છે જે સાધકોને પ્રેરણા આપે છે. તેમની સ્થિતિ એવી હતી કે દરરોજ ચોવીસ કલાક સતત જગદંબાનું સાનિધ્ય રહેતું હતું અને વાત કરી શકતાં હતાં.

નાનપણથી જ રોજનીશી લખવાનો શોખ લેખનકળામાં પરિણમ્યો અને તેમણે મા સરસ્વતીના ચારુચરણોમાં ૧૦૦થી પણ વધું ગ્રંથો ધર્યા છે અને ગુર્જરભાષા, ભારતીય સંસ્કૃતિની બહુ મોટી સેવા કરી છે. તુલસીદાસના રામાયણનો સમશ્લોકી અનુવાદ કરીને એ જ રાગ અને ઢાળમાં તેમણે ગુજરાતી ચોપાઈઓની રચના કરી છે જે ઘરમાં ગાઈ શકાય તેમ છે. આ જ રીતે તેમણે શ્લોકના જ રાગમાં ગુજરાતી ભાષામાં સરળ ગીતાની રચના કરી છે. યોગ, સાધના, આત્મકથા, યાત્રાના અનુભવો, મહાત્માઓની મુલાકાતો અને દર્શનના પ્રસંગો, વેદ, ઉપનિષદ, રામાયણ, મહાભારત, બ્રહ્મસૂત્ર, વિષ્ણુ સહસ્રનામ, શિવ મહિમ્ન સ્રોત્ર જેવા ભારતીય સંસ્કૃતિના અત્યંત ગુઢ ગણાતા તમામ વિષયો પર તેમણે લખ્યું છે. નવલકથા, નાટકો અને અનેકવિધ કાવ્યોની પણ રચના કરી છે. રમણ મહર્ષિ જીવન અને કાર્ય દ્વારા તેમણે ભગવાન રમણ મહર્ષિની જીવકથા આલેખી છે. આ જ રીતે તેમનું ગાંધી ગૌરવ નામનું મહાકાવ્ય પણ ઘણું પ્રખ્યાત થયું છે.

તેઓ એક દેશપ્રેમી મહાત્મા તરીકે પ્રસિદ્ધ હતાં અને દેશપ્રેમથી પ્રેરાઈને તેમણે ભારતની આઝાદી જ નહીં પણ સાંસ્કૃતિક વિકાસ માટે પોતાની આગવી રીતે ખૂબ જ અગત્યનો ફાળો આપ્યો છે. ભારતની આઝાદી માટે તેઓ સતત મા જગદંબાને પ્રાર્થના કરતાં અને દૈવી સંદેશાઓ મેળવતાં હતાં. ભારતની આઝાદી જ નહીં પણ ભારતીય સંસ્કૃતિના પુનરુત્થાન માટે જગદંબાના હાથે જ કાર્ય કરાવવાની તેમની યોજના હતી. વર્ષો સુધી તેમણે ભારતના જુદા જુદા ભાગોમાં પ્રવાસ કર્યો અને પ્રવચનો આપીને જ્ઞાનનો પ્રચારપ્રસાર કર્યો. ૨૦૨૦ની ૧૫મી ઓગષ્ટથી તેમના શતાબ્દિ વર્ષનો આરંભ થઈ રહ્યો છે.

ભારતની સંસ્કૃતિમાં ઋષિ પરંપરા પ્રાચીનકાળથી જ છે અને તેમના યોગદાનના કારણે જ ભારતીય સંસ્કૃતિ ઉપર અનેક હુમલાઓ થવા છતાં પણ તે ટકી રહી છે. સંત અને મહાત્માઓ સંસ્કૃતિના પુનરુત્થાનનું કાર્ય કરતાં આવ્યાં છે. તેમના જીવકાળમાં અનેક લોકો તેમનાથી પ્રેરણા પામે છે અને તેમના જીવનની કથા વર્ષો સુધી અનેક લોકો માટે જીવન સંજીવની બની રહે છે. ભારતના આવા સપૂતોમાં શ્રી યોગેશ્વરજી સુમેરુના શિખરરુપી મસ્તક પર મોરપીછ સમાન છે.

પોતાના જીવન દરમિયાન તેમણે અમેરિકા, આફ્રિકા જેવા દેશોના પણ પ્રવાસ કર્યાં અને ત્યાં પણ ભારતના લોકોને જ્ઞાનનો લાભ આપીને સંસ્કૃતિના પુનરુત્થાનનું કાર્ય કર્યું છે. આજે દેશ અને વિદેશમાં તેમના અનેક ભક્તો છે. ૧૮મી માર્ચ ૧૯૮૪ના દિવસે તેઓ સ્થૂળમાંથી સૂક્ષ્મમાં પ્રગટ્યાં.

કેળવણી -મહાત્મા ગાંધી

# માતૃભાષામાં બે વર્ષમાં શીખે તે પારકીભાષામાં ૭ વર્ષમાં શીખવાની ફરજ પાડવી કેટલી યોગ્ય?: બાપુ

**તમે જો બાળકો પરથી પરદેશી ભાષા દ્વારા ભણવાનો અસહ્ય બોજો કાઢી નાખવાનો નિશ્ચય માત્ર કરો, ને એમના હાથપગનો ઉપયોગ કંઈક ફાયદો થાય એવા કામમાં વાપરતાં એમને શીખવો, તો કેળવણીનો કોયડો તો ઉકલી ગયો સમજો**

કેળવણીના પ્રશ્નનો ઉકેલ કેમ કરવો, એ સવાલ દુર્ભાગ્યે દારૂની આવક બંધ થઈ જવાના સવાલની સાથે સંકળાઈ ગયેલો છે. નવા કર ઉઘરાવવાના રસ્તા તો અવશ્ય છે જ. અધ્યાપક શાહ અને ખંભાતાએ બતાવ્યું છે કે, આ ગરીબ દેશમાં પણ હજુ નવા કર ભરવાની શક્તિ છે. ધનિકોના ધનની ઉપર હજૂ પૂરતા કર નથી નખાયા. દુનિયામાં સૌથી વધારે આ દેશમાં અમુક વ્યક્તિઓએ પોતાના હાથમાં અઢળક ધન જમા કરી રાખવું, એ હિંદી માનવસમાજ સામે ગુનો છે. એટલે અમુક હદમાં વધારેની દોલત પર ગમે એટલા કર નાખો તોયે કરની સીમા આવી ગઈ છે એમ ન ગણાય. મેં સાંભળ્યું છે કે, ઈંગ્લૅંડમાં અમુક હદથી વધારાની આવક પર આવકના સિત્તેર ટકા જેટલો કર નાખવા સુધી પહોંચ્યા છે. હિંદુસ્તાનમાં એથી મોટા આંકડા લગી શા સારુ ન પહોંચે? એક માણસના મરણ પછી બીજાને વારસો મળે તેના ઉપર કર શા સારુ ન નંખાવો જોઈએ? લખપતિના છોકરા પુખ્ત થાય છતાં તેમને બાપની દોલતનો વારસો મળે તો એ વારસાને લીધે તેમને જ નુકસાન થાય છે. રાષ્ટ્રને તો એ રીતે બમણી હાનિ થાય છે. કેમ કે વારસા પર યોગ્ય રીતે જોતાં તો પ્રજાની માલિકી ગણવી જોઈએ. અને તે ઉપરાંત એ દોલતના વારસોની પૂરેપૂરી શક્તિ, દોલતના બોજા તળે કચડાઈ જવાને લીધે, ખીલવા પામતી નથી. એથી પણ રાષ્ટ્રને તો એટલું નુકસાન થાય છે. આવો વારસાવેરો નાખવાની પ્રાંતિક સરકારોને સત્તા નથી એ હકીકતથી મારી દલીલમાં કશો બાધ આવતો નથી.

પણ આપણને પ્રજા તરીકે કેળવણીમાં એટલા પછાત છીએ કે, એ વિષયના કાર્યક્રમનો આધાર જો પૈસા ઉપર રહેવાનો હોય, તો આપણે એ બાબતમાં પ્રજા પ્રત્યેના આપણા કર્તવ્યનું પાલન કરવાની આશા કદી ન રાખી શકીએ, એટલે મેં મારી રચનાકાર્ય કરવાની શક્તિ વિષેની સઘળી પ્રતિષ્ઠા ગુમાવી બેસવાનું જોખમ વહોરીને પણ કહેવાની હામ કરી છે કે **કેળવણી સ્વાવલંબી હોવી જોઇએ**. કેળવણી એટલે બાળક કે મનુષ્યના શરીર, મન અને આત્માં જે ઉત્તમ અંશો હોય તેનો સર્વાંગી વિકાસ સાધીને તેને બહાર આણવા. અક્ષરજ્ઞાન એ કેળવણીનું અંતિમ ધ્યેય નથી તેમ તેનો આરંભ પણ નથી.એ તો સ્ત્રી અને પુરુષને કેળવણી આપવાનાં અનેકમાંના એક સાધન માત્ર છે. અક્ષરજ્ઞાન એ સ્વતંત્રપણે કંઈ કેળવણી નથી, એટલે હું તો બાળકની કેળવણીનો આરંભ તેને કાંઈક ઉપયોગી હાથ ઉદ્યોગ શીખવીને અને તેની કેળવણીનો આરંભ થાય તે ક્ષણથી એને કંઈક નવું સર્જન કરવાનું શીખવીને જ કરું. આ રીતે દરેક નિશાળ સ્વાવલંબી થઈ શકે. માત્ર શરત એ છે કે, નિશાળો એ તૈયાર કરેલી ચીજો રાજ્યે ખરીદી લેવી જોઇએ. હું માનું છું કે, આ શિક્ષણપધ્ધતિમાં મન અને આત્માનો ઊંચામાં ઊંચો વિકાસ સાધવો શક્ય છે. માત્ર

દરેક હાથઉદ્યોગ આજે શીખવાય છે તેમ જડ યંત્રવત નહીં પણ શાસ્ત્રીય રીતે શીખવાવો જોઈએ. આ હું કાંઇક આત્મવિશ્વાસપૂર્વક લખું છું, કેમ કે એની પાછળ મારો અનુભવ પડેલો છે. જ્યાં જ્યાં મજૂરોને રેંટિયા પર કાંતતાં શીખવવામાં આવે ત્યાં બધે આ પધ્ધતિ ઓછીવત્તી દાખલ કરવામાં આવી છે. મેં જાતે એ પધ્ધતિએ ચંપલ સીવતાં ને કાંતતાં પણ શીખવ્યું છે, ને તેનાં સારાં પરિણામ મેળવ્યાં છે. આ પધ્ધતિમાં ઇતિહાસ, ભૂગોળના જ્ઞાનનો બહિષ્કાર નથી. પણ હું જોઉં છું કે, એ વિષય મોઢાની સામાન્ય માહિતી આપવાથી જ સારામાં સારી રીતે શીખવી શકાય છે. વાચનલેખન કરતાં પણ આ પધ્ધતિથી દસ ગણું જ્ઞાન આપી શકાય છે. બાળક કે બાળા જ્યારે સારાસારનો ભેદ પાડતાં શીખે ને તેની અભિરુચિનો કંઈક વિકાસ થાય પછી તેને કક્કો શીખવવો જોઇએ. આ સૂચના આજની શિક્ષણપધ્ધતિમાં ક્રાંતિ કરવાનું સૂચવનારી છે, પણ એથી પાર વિનાની મહેનત બચી જાય છે, અને વિદ્યાર્થીને જે વસ્તુ શીખવમાં ઘણો વધારે વખત લાગે તે આ રીતે એક વરસમાં શીખી શકે છે. આને પરિણામે બધી રીતની બચત થાય છે. બેશક વિદ્યાર્થી હાથઉદ્યોગ શીખતો થાય તેની સાથે સાથે ગણિતનું જ્ઞાન તો મેળવે જ.

પ્રાથમિક શિક્ષણને હું સૌથી વધારે મહત્વ આપું છું. મારી કલ્પના પ્રમાણે એ શિક્ષણ અત્યારના મૅટ્રિકમાંથી અંગ્રેજી બાદ કરીએ એના જેટલું હોવું જોઇએ.બધા કૉલેજિયનો એકાએક એમનું ભણતર ભૂલી જાય તો થોડાક લાખ કૉલેજિયનોની સ્મૃતિ આમ એકાએક ભૂંસાઈ જવાને લીધે જે નુકસાન થાય તે એક બાજુ મૂકો, ને બીજી બાજુ પાંત્રીસ કરોડ માણસોની આસપાસ જે અંધકારનો સાગર ઘેરાઈ વળેલો છે તેને લીધે રાષ્ટ્રને જે નુકસાન થયું છે ને હજુ થઇ રહ્યું છે તે મૂકો, તો પહેલું નુકસાન બીજાની આગળ કશી વિસાતમાં નથી. દેશમાં જે નિરક્ષરતા પ્રવર્તે છે તેના આંકડા પરથી લાખો ગામડાંમાં પ્રવર્તી રહેલા ઘોર અજ્ઞાનનો પૂરતો ખ્યાલ આવી શકે તેમ નથી.

હું તો કૉલેજની કેળવણી ધરમૂળથી પલટો કરું ને એનો દેશની જરૂરિયાતોની સાથે મેળ સાધું. યંત્રશાસ્ત્રના ને બીજા ઇજનેરોને માટે પદવીઓ રખાય. એમને જુદા-જુદા ઉદ્યોગોની જોડે દીધેલા હોય ને એ ઉદ્યોગોને જે ગ્રેજ્યુએટો જોઇએ તેમને તાલીમ આપવાનું ખરચ એ ચલાવનારા જ આપે. દાખલા તરીકે, ટાટા કંપની પાસે એવી અપેક્ષા રખાય કે, તેમને જે ઇજનેરો જોઈએ તેમને કેળવવા માટે તે રાજ્યની દેખરેખ નીચે એક કૉલેજ ચલાવે. તે જ પ્રમાણે મિલમાલિકોનાં મડળ મળીને પોતાને જોઈતા ગ્રેજ્યુએટો કેળવવાની કૉલેજ ચલાવે, એવું જ બીજા અનેક ઉદ્યોગો વિષે. વેપારને માટે પણ કૉલેજ હોય. પછી 'આર્ટ્સ', ડાક્ટરી ને ખેતીવાડી રહ્યાં. આજે કેટલીયે ખાનગી 'આર્ટ્સ' કૉલેજો સ્વાવલંબનપૂર્વક ચાલી રહેલી છે. એટલે રાજ્ય પોતાની આર્ટ્સ કૉલેજો ચલાવવી બંધ કરે. ડાક્ટરી કૉલેજોને પ્રમાણપત્રવાળાં ઇસ્પિતાલોની સાથે જોડેલી હોય. એ કૉલેજો ધનિકોમાં લોકપ્રિય છે, એટલે તેઓ એ કૉલેજોને નભાવવા માટે સ્વેચ્છાએ પૈસા આપે એવી અપેક્ષા રખાય. અને ખેતીવાડી કૉલેજો સ્વાવલંબી હોય તો જ એનું નામ સાર્થક થાય. મને કેટલાક ખેતીવાડીના ગ્રેજ્યુએટોનો કડવો અનુભવ થયેલો છે. એમનું જ્ઞાન છીછરું હોય છે. એમને વ્યવહારુ અનુભવ હોતો નથી. પણ જો તેમને સ્વાવલંબી ને દેશની જરૂરિયાતો પૂરી પાડનારી વાડીઓમાં ઉમેદવારી કરવી પડી હોય તો તેમને પદવી મેળવ્યા પછી ને જેની નોકરી કરતા હોય એને ખરચે અનુભવ મેળવવાની જરૂર ન રહે.

આ કાલ્પનિક ચિત્ર નથી, ગગનવિહાર નથી. આપણે જો ફક્ત આપણા મનનું એદીપણું કાઢી નાખીએ, તો કેળવણીનો જે સવાલ મહાસભાવાદી પ્રધાનોની અને તેથી

મહાસભાઓની સામે આવી ઊભેલો છે તેનો આ બહુ જ વાજબી અને વહેવારુ ઉકેલ છે એમ જણાઈ આવશે. થોડા વખત પર બ્રિટિશ સરકાર તરફથી જે જાહેરાતો કરવામાં આવેલી તેનો અર્થ જેવો કાનને લાગે છે તેવો ખરેખર હોત, તો પ્રધાનોને સિવિલ સર્વીસની સંગઠીત કાર્યશક્તિનો ઉપયોગ તેમની નીતિનો અમલ કરવા માટે મળવો જ જોઈએ. ગમે તેવા મનસ્વી ગવર્નરો અને વાઈસરૉયે ઠરાવેલી રાજ્યનીતિને અમલમાં ઊતારવાનું સરકારી નોકર વર્ગ શીખેલો છે. પ્રધાનો ઠીક ઠીક વિચાર કરીને ઘડેલી પણ નિશ્ચિત રાજ્યનીતિ નક્કી કરે, અને સરકારી નોકરવર્ગ તેના વતી અપાયેલાં વચનો સાચાં પાડે ને જે લૂણ ખાય છે તેને વફાદાર નીવડે.

પછી શિક્ષકોનો સવાલ રહે છે. વિદ્વાન પુરુષો અને સ્ત્રીઓ પાસેથી ફરજિયાત સેવા લેવી એવો જે વિચાર અધ્યાપક ખુશાલ શાહે પ્રગટ કર્યો છે તે મને ગમે છે. એમને અમુક - પાંચેક -વરસ લગી પોતે જે વિષયમાં યોગ્યતા મેળવી હોય તે ભણાવવા પાછળ આપવાની ફરજ પાડવી જોઈએ, અને તે મુદ્દત દરમ્યાન દેશની આર્થિક સ્થિતિને છાજે એવા ધોરણે આજીવિકા માટે પગાર આપવો જોઈએ. ઊચ્ચ શિક્ષણની સંસ્થાઓમાં શિક્ષકો ને અધ્યાપકો બહુ જ ઊંચા પગાર માગે છે તે પ્રથા નીકળી જવી જોઈએ. ગામડામાં અત્યારે જે શિક્ષકો છે તેમને બદલે બીજા કાબેલ માણસોને મૂકવા જોઈએ.

(તા. ૮-૮-૩૭, હરિજનબંધુ)

નવા સુધારાની સૌથી મોટી વિપરીતતા તો એ છે કે, આપણા બાળકોને કેળવણી આપવાને આપણી પાસે દારૂની આવક સિવાય બીજા પૈસા જ નથી રહ્યા. એ કેળવણીનો કોયડો છે. પણ આપણે એથી હાર ખાવાની જરૂર નથી. આપણે એ કોયડો ઉકેલતાં ગમે તેટલો ભોગ આપવો પડે તોયે આપણાથી આપણો દારૂની જડ નાબૂદ કરવાનો આદર્શ નીચે ન ઉતારી શકાય. આપણને દારૂમાંથી આવક ન મળે તો આપણાં બાળકો કેળવણી વિનાનાં રહે એ વિચારથી જ આપણને શરમ ને ભોંઠપ ઊપજવી જોઈએ. પણ એવો જ વખત આવે તો બેમાંથી એ ઓછી ખરાબ સ્થિતિ છે એમ સમજીને આપણે તે સ્વીકારવી જોઈએ. આપણે આંકડાના ચકરાવામાં પડી ન જઈએ, ને આજે બાળકોને અમુક જાતની કેળવણી મળવી જ જોઈએ એવી જે માન્યતા પ્રચલિત છે તેમાં ફસાઈ ન જઈએ, તો આ સવાલથી આપણને મૂંઝવણ નહી ઊપજે.

કેળવણીને ખરચ વિનાની અને સાથે સાથે આપણી ગામડાંની નિશાળ વસ્તીની હાજતો પૂરી પાડે એવી કેળવણીની પધ્ધતિ ખીલવવાનો આપણા કેળવણીકારોએ ભેગા મળીને વિચાર કરવો જોઈએ એ વાત પર ગાંધીજી ભાર શા સારુ મુકે છે તે એમના ઉપરના ઉદ્દગારો પરથી સમજી શકાય છે.

એક પ્રશ્નકર્તાએ આશ્ચર્યથી પૂછ્યું, ત્યારે શું આપ હાઈસ્કૂલની કેળવણી કાઢી નાખશો ને મેટ્રિક સુધીની આખી કેળવણી ગામઠિ નિશાળોમાં આપશો?

ગાંધીજી કહે,જરૂર. તમારી હાઇસ્કૂલની કેળવણીમાં શું ભર્યું છે? જે વસ્તુ છોકરા પોતાની માતૃભાષામાં બે વરસમાં શીખી શકે તે પારકી ભાષામાં સાત વરસમાં શીખવાની ફરજ પાડવી એ સિવાય એમાં બીજું કંઈ છે ખરું કે? તમે જો બાળકો પરથી પરદેશી ભાષા દ્વારા ભણવાનો અસહ્ય બોજો કાઢી નાખવાનો નિશ્ચય માત્ર કરો, ને એમના હાથપગનો ઉપયોગ કંઈક ફાયદો થાય એવા કામમાં વાપરતાં એમને શીખવો, તો કેળવણીનો કોયડો તો ઉકલી ગયો સમજો. દારૂની આખી આવક જતી કરવાનો વિચાર કરવો જોઈએ, ને પછી કેળવણી માટેના પૈસા ક્યાંથી મળી શકે એનો. આ એક મોટું પગલું ભરીને શરૂઆત કરો.

(૨૨-૮-'૩૭, હરિજનબંધુ)

## ચાબખા

મૂરખો માની રહ્યો મારું રે, તેમાં કાંઇયે નથી તારું.
- ટેક.
સાત સાયર જેની ચોકી કરતા, ફરતું નીર ખારું;
ચૌદ ચોકડીનું રાજ્ય ચાલ્યું ગયું, રાવણાદિક વાળું
રે. મૂરખો
દુ:ખને તો કોઇ દેખે નહી, ને સુખ લાગે સારું;
વેળા વેળાની છાંયડી તારી, વળિ જાશે વારું રે.
મૂરખો.
હરિ ભજનમાં હેત જ રાખો, સ્મરણ કરો સારું;
ભોજો ભગત કહે રાખો હૃદયમાં, પ્રભુનું ભજન
પ્યારું રે. મૂરખો.

**-ભોજા ભગત**

**વિશેષ અહેવાલ**

-યોગેશ કવીશ્વર

# રામમંદિર : કરોડો લોકોની આસ્થાનો વિજય

## જન્મના સ્થળે જ મંદિર બનાવવા હિંદુ સમાજની દૃઢ સંકલ્પ શક્તિ, બલિદાનનો અનોખો ઈતિહાસ: ૪૯૨ વર્ષ બાદ ફરીથી પવિત્ર સ્થળે શરુ થશે ભવ્ય રામ મંદિરનું નિર્માણકાર્ય



### ૧૫૨૮થી ૨૦૨૦ સુધીનો ઘટનાક્રમ

**૧૫૨૮ :** મોગલ શહેનશાહ બાબરના મુખ્ય કમાન્ડર મીર બાકી દ્વારા બાબરી મસ્જિદનું નિર્માણ.

**૧૮૫૩ :** અવધના નવાબ વાજિદ અલી શાહના સમયમાં પવિત્ર સ્થાન બાબતે સૌ પ્રથમ હિંસક વિવાદ.

**૧૮૫૯ :** બ્રિટિશ સરકાર દ્વારા અહીં પ્રાર્થના માટેના બે સ્થળને જુદા પાડવા માટે દિવાલ બનાવાઈ. મુસ્લિમોને અંદર જઈને પ્રાર્થના કરવાની મંજૂરી અપાઈ, જ્યારે હિન્દુઓને પૂજા માટે બહારનું સ્થાન આપવામાં આવ્યું.

**૧૮૮૫ :** જાન્યુઆરી, ૧૮૮૫માં મહંદ રઘુબીર દાસ દ્વારા પ્રથમ કેસ દાખલ કરાયો. તેમણે મસ્જિદની બહારના ભાગમાં રામચબુતરો બનાવવાની મંજુરી માગી. ફૈઝાબાદ જિલ્લા કોર્ટ દ્વારા આ અરજી ફગાવાઈ.

**૧૯૪૯ :** મસ્જિદના અંદરના ભાગમાં ભગવાન રામની મૂર્તિ મળી આવી. હિન્દુ જૂથ દ્વારા આ મૂર્તિ અંદર મૂકવાનો આરોપ લગાવાયો હતો. બંને પક્ષો દ્વારા કેસ દાખલ કરાયો. સરકારે સમગ્ર વિસ્તારને વિવાદિત જાહેર કર્યો અને વિસ્તારને બંધ કરીને બહારથી તાળું મારી દેવાયું.

**૧૯૫૦ :** ગોપાલ સિંઘ વિશારદ અને મહંત પરમહંસ રામચંદ્ર દાસે ફૈઝાબાદ જિલ્લા કોર્ટમાં જન્મસ્થાન પર રહેલી મૂર્તિની પૂજા કરવાની મંજૂરી માગી. અંદરના ભાગને તાળું મારેલું રાખવામાં આવ્યું અને બહારના ભાગે પૂજા કરવાની મંજુરી અપાઈ.

**૧૯૫૯ :** નિર્મોહી અખાડા દ્વારા ત્રીજી અરજી દાખલ કરાઈ, જેમાં આ સ્થળનો કબ્જો આપવાની માગ કરાઈ.

**૧૯૬૧ :** સુન્ની કેન્દ્રીય વકફ બોર્ડ દ્વારા મસ્જિદના અંદર મૂર્તિઓ મૂકવા સામે કેસ દાખલ કરવામાં આવ્યો.

**૧૯૮૪ :** જન્મભૂમિના સ્થળે રામ મંદિરના નિર્માણ માટે હિન્દુ જૂથ દ્વારા એક સમિતિની રચના.

સમસ્ત વિશ્વનો હિંદુ સમાજ જેની આતુરતા પૂર્વક રહ જોઈ રહ્યો છે, જેના માટે ૪૯૨ વર્ષોથી સંઘર્ષ ચાલી રહ્યો છે, જેના માટે અનેક કારસેવકો અને સ્વયંસેવકોએ પોતાનો જીવ આપ્યો છે તે યુગપુરુષ શ્રી રામના જન્મ સ્થળે તેમના ભવ્ય મંદિરના નિર્માણનો આરંભ ૫મી ઓગષ્ટ ૨૦૨૦થી ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે થઈ રહ્યો છે. ભારતના ઈતિહાસમાં આ દિવસનો ઉલ્લેખ સૂવર્ણ અક્ષરે થશે.

ભગવાન શ્રીરામના પ્રાદુર્ભાવને આજે લાખો વર્ષોનો સમય વીતી ગયો હોવા છતાં પણ લોકો તેમની ચેતનાનું વહન કરી રહ્યાં છે. ભારતમાં જે સ્થળે ભગવાન શ્રીરામનો જન્મ થયો એ જ સ્થળે ૧૫મી સદીમાં મંદિરને તોડી પાડવામાં આવ્યા બાદ હિંદુ સમાજ દ્વારા એ જ સ્થળે પુનઃ મંદિરના નિર્માણ માટે સંઘર્ષ કરવામાં આવ્યો હતો. એ સંઘર્ષ નાનો નહોતો, ૪૦૦થી વધું વર્ષથી લોકોએ તે મુદ્દે પ્રતિધકાર કર્યો છે. એ સાબિત કરે છે કે કરોડો લોકોની તીવ્ર આસ્થા એ સ્થળ સાથે જોડાયેલી છે.

સુપ્રીમ કોર્ટમાં રામમંદિરના નિર્માણ માટે જે કેસ ચાલ્યો હતો તે સુપ્રીમના ઈતિહાસમાં સૌથી

## રામમંદિરની વિશેષતાઓ..

* પાંચ શિખર, ત્રણ માળનું મંદિર જે વિશ્વમાં અન્યત્ર ક્યાંય નથી
* અયોધ્યાનો વર્લ્ડ હેરિટેજ તરીકે વિકાસ કરાશે
* ૬૯ એકર જમીન, જમીનથી ૧૭ ફૂટની ઊંચાઈ પર નિર્માણ, મંદિરની ૧૬૧ ફૂટ ઊંચાઈ, ૨૩૫ ફૂટ પહોળાઈ, ૩૬૦ ફૂટ લંબાઈ
* દરેક માળ પર ૧૦૬ સ્તંભ મળીને કુલ ૩૧૮ સ્તંભ
* ૫૦ હજાર શ્રદ્ધાળુઓ એક સાથે બેસી શકે તેટલી વિશાળ બેઠક વ્યવસ્થા

---

**૧૯૮૬** : હરી શંકર દુબેની અરજીની સુનાવણી પછી ફૈઝાબાદ જિલ્લા કોર્ટ દ્વારા મસ્જિદના દરવાજા ખુલ્લા રાખવાનો અને હિન્દુઓને ત્યાં પૂજા કરવા દેવાનો આદેશ આપ્યો.

**૧૯૮૯** : વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા બાબરી મસ્જિદની બાજુમાં રામ મંદિર નિર્માણનો પાયો નાખવામાં આવ્યો.

**૧૯૯૦** : કાર્યકર્તાઓએ મસ્જિદનો કેટલોક ભાગ તોડી નાખ્યો.

**૧૯૯૨** : ૬ ડિસેમ્બરના રોજ શિવસેના, વીએચપી અને ભાજપના કારસેવકો દ્વારા વિવાદિત બાબરી મસ્જિદનું માળખું તોડી પાડવામાં આવ્યું. તેના કારણે દેશમાં મોટા પાયે કોમી રમખાણો ફાટી નિકળ્યા અને લગભગ બે હજારથી વધુંના મૃત્યુ થયાં.

**૨૦૦૧** : બાબરી મસ્જિદની વર્ષગાંઠ નિમિત્તે સમગ્ર દેશમાં વાતાવરણ તંગ બન્યું.

**૨૦૦૨** : ફેબ્રુઆરી, ૨૦૦૨માં ગુજરાતના ગોધરામાં એક ટ્રેન પર હુમલો કરવામાં આવ્યો, જેમાં બેસીને કારસેવકો અયોધ્યા જઈ રહ્યાં હતા. આ ઘટનામાં ૫૮ લોકોનાં મોત થયા. ત્યાર પછી ગુજરાત રાજ્યમાં કોમી રમખાણો ફાટી નીકળ્યાં અને તેમાં ૧૦૦૦થી વધુ લોકોનાં મોત થયા. અલાહાબાદ હાઈકોર્ટે ભારતની પુરાતત્વ શાખાને આ સ્થળે ખોદકામ કરીને ભૂતકાળમાં અહીં મંદિર હતું કે નહીં તે શોધી કાઢવા માટે આદેશ આપ્યો. એપ્રિલ, ૨૦૦૨માં હાઈકોર્ટના ત્રણ ન્યાયાધિશો દ્વારા વિવાદિત સ્થળની માલિકી કોની છે તેના અંગે સુનાવણી હાથ ધરવામાં આવી.

**૨૦૦૩** : પુરાતત્વ ખાતા દ્વારા આ સ્થળે મંદિર હતું કે નહીં તેના અંગે સર્વે હાથ ધરવામાં આવ્યો. તેણે શોધી કાઢ્યું કે મસ્જિદના નીચે મંદિરના અવશેષો છે. મુસ્લિમ સંસ્થાઓએ આ બાબતે વિરોધ કર્યો. સપ્ટેમ્બર મહિનામાં

લાંબો કેસ હતો. અંતે કરોડો લોકોની શ્રદ્ધા, આસ્થા અને વિશ્વાસની જીત થઈ. શિલાન્યાસના દિવસે માત્ર ભારતમાં જ નહીં પણ વિશ્વભરમાં વસતા લોકો દ્વારા પોતાના ઘરોમાં દિપોનું પ્રાગટ્ય કરીને ઉત્સવ મનાવવામાં આવશે અને દિવાળી જેવો માહોલ સર્જાશે. લોકોમાં પણ આ માટે અદ્દભૂત ઉત્સાહનો સંચાર જોવા મળી રહ્યો છે.



વર્ષો બાદ પ્રભુ શ્રીરામના જન્મસ્થળ પર જ રામ મંદિરનું નિર્માણ એ માત્ર એક મંદિરનું જ નિર્માણ નથી પણ ભારતીય સંસ્કૃતિ, અસ્મિતાના પુનઃ ઉત્થાનનું પ્રતીક પણ છે. રામ એ માત્ર હિંદુ સમાજના ઈષ્ટદેવ છે એટલું જ નથી પણ વિશ્વના આદર્શ માનવ છે. માનવ કેવો હોવો જોઈએ એ તેમણે જીવી બતાવ્યું છે અને હિંદુ સમાજ જ નહીં પણ સમગ્ર માનવજાતિ માટે આદર્શ ધર્યો છે. તેઓ ભારતનું ગૌરવ પણ છે. તેમના પ્રાગટ્યને લાખો વર્ષો વિતી ગયાં છે. આજે ભલે વિશ્વ સમાજ એ ન સ્વીકારતો હોય પણ સત્ય ઊજાગર થયાં વિના રહેતું જ નથી. ત્યારે વિશ્વભરના લોકો અચંબામાં પડી જશે કે લાખો વર્ષ પહેલાં પણ ભારતમાં આવા મહાન લોકો હતાં. એ સંસ્કૃતિ કેટલી મહાન છે તે પણ માનવ જાતિએ આજે નહીં તો કાલે સ્વીકારવું જ પડશે.

વળી આ સ્થળ લાખો વર્ષ પૂર્વેનું પ્રતીક હોવાથી હેરીટેજ સ્થળ છે. આ મંદિર નવું છે પણ એ સ્થળનો ઈતિહાસ કલ્પનામાં પણ ન આવે એટલો જૂનો છે. જે વિશ્વમંચે ભારતનું પ્રતિનિધિત્વ કરે છે.

---

કોર્ટે ૭ હિન્દુ નેતાઓને મસ્જિદને તોડી નાખવા અને હિંસા માટે દોષિત ઠેરવ્યા.

**૨૦૦૫** : શંકાસ્પદ મુસ્લિમ આતંકવાદીઓ વિવાદિત સ્થાન પર હુમલો કર્યો. સુરક્ષા દળોએ કથિત પાંચ આતંકવાદીઓને ઠાર માર્યા અને છઠ્ઠો અજાણ્યો વ્યક્તિ પણ માર્યો ગયો.

**૨૦૦૯** : જૂન મહિનામાં લિબ્રાહન પંચ દ્વારા રિપોર્ટ સોંપવામાં આવ્યો.

**૨૦૧૦** : અલાહાબાદ હાઈકોર્ટે ચાર પડતર કેસ બાબતે પોતાનો ચૂકાદો આપ્યો. ઐતિહાસિક ચૂકાદામાં આલાહાબાદ હાઈકોર્ટે વિવાદિત જમીનને ત્રણ ભાગમાં વહેંચી નાખી. એક તૃતિયાંશ જમીન રામલલાને આપવામાં આવી, જેની પ્રતિનિધિ હિન્દુ મહાસભા હતી; એક તૃતિયાંશ જમીન ઈસ્લામિક વકફ બોર્ડને આપવામાં આવી; બાકીનો ત્રીજો ભાગ નિર્મોહી અખાડાને આપવાનો આદેશ આપવામાં આવ્યો. ડિસેમ્બર મહિનામાં અખિલ ભારતીય હિન્દુ મહાસભા અને સુન્ની વકફ બોર્ડ દ્વારા અલાહાબાદ હાઈકોર્ટના ચુકાદાને સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવ્યો.

૨૦૧૧ : મે મહિનામાં સુપ્રીમ કોર્ટે અલાહાબાદ હાઈકોર્ટના વિવાદિત જમીનને ત્રણ ભાગમાં વહેંચવાના ઐતિહાસિક ચૂકાદ પર સ્ટે આપ્યો અને 'પૂર્વવત સ્થિતિ' રાખવાનો આદેશ આપ્યો.

૯ નવેમ્બર ૨૦૧૯ : લાંબા કાનૂનિ વિવાદો, રામનું અસ્તિત્વ જ નહોતું તેવા દાવા વચ્ચે સુપ્રિમ કોર્ટ દ્વારા વિવાદીત સ્થળે રામ મંદીરના નિર્માણ, આ માટે ટ્રસ્ટની રચના કરવા અને મુસ્લિમ સમાજને અલગથી ૫ એકર જમીન આપવા માટે આદેશ કરાયો.

स्त्री

-પૂજ્ય શ્રી મોટા

# સ્ત્રીઓ તો વિશ્વની માતા, તુચ્છતાપાત્ર તે નથી

**આદર ભાક્તિનો ભાવ, માતા બેનો પ્રતિ ઊંડો,**
**જગાડ્યાં કરવો હૈયે આર્ત ને આર્દ્ર પ્રેમથી.**
**સ્ત્રીઓ તો વિશ્વની માતા તુચ્છતાપાત્ર તે નથી,**
**એમને તુચ્છકાર્યાથી આપણું બગડે વળી.**
**માનવીએ બનાવીને પોતાની લાલસાતણી,**
**એને ભોગ ગુલામીને વિશ્વમાં નોતર્યા કરી**
**જ્યાં સુધી માનવીનામાં પવિત્ર ભાવના ઊંડી,**
**જાગશે ના સ્ત્રીઓ પ્રત્યે, તે રહે પશુ ત્યાં સુધી.**
**વિશ્વનું ક્ષેત્ર તો સ્ત્રીઓ એને જે ભાવનામહીં,**
**ઊંચે ચઢાવતો, સેવા કરે અમૂલ્ય વિશ્વની.**
**બનારસ તા.૬-૩-૧૯૪૪**

બહેનો તરફનું આપણું દ્રષ્ટિબિંદુ ખૂબ જ લાગણીવાળું-જેમાંથી કઠોરતા અને રૂક્ષતા નીકળી ગઈ હોય તેવું-હોવું જોઇશે. તેમજ તેમને માટે માન, આદરને પૂજયભાવની લાગણી આપણામાં ખૂબ વિકસવી જોઇશે. તે સિવાય આપણામાં રહેલી વિકાર-વાસના મૂળથી નાશ નહિ પામે. પુરુષોએ પોતાની જાતને સર્વોપરી માની લઈને જગતભરમાં વાસનાને વધુ પોષી છે ને સ્ત્રીઓને પણ એવી બનાવી મૂકી છે.

(જીવનપગથી, આ.૩, પૃ.૯)

બહેનો સાથેનો ભાવ ખૂબ નિર્મળ થવા દઈ તેમાં હદયના પ્રેમભાવનો વિકાસ કર્યા કરવો. સાધકે હદયના ભાવથી નિઃસંકોચપણે બહેનો સાથે વર્તવાનું છે. મોટા ભાગના લોકોમાં એક જાતની અભડાઇ જવાની એક જાતની સૂક્ષ્મ પ્રકારની ભીતિની લાગણી હોય છે. તેવી લાગણી હોવામાં અને સેવવામાં જો કે વજુદ રહેલું છે, પણ અસલ આપણી પ્રાચીન સંસ્કૃતિમાં તો આ અંગેનું વલણ તદ્દન જુદા પ્રકારનું હતું. કિન્તુ સંસ્કૃતિનું પતન થતાં પાછલા ગાળામાં આવા આદર્શને માર્ગે જનાર સાધક માટે કડક નિયમો સૂચવાયેલા છે, તે પણ યોગ્ય હતું. વળી, આજના કાળમાં જ્યાં સ્વચ્છંદ પ્રવર્તે છે, ત્યાં એ વિશેષ યોગ્ય પણ હોય. તેમ છતાં વેગળા રહેવાથી અથવા તો ફડક કે ભડક રાખવાથી સાધક તે વૃત્તિથી મૂક્ત થઈ શકે એવું માનવું તે અજ્ઞાન છે. એવી દૂર અને દૂર રહેવાની એક જાતની સૂક્ષ્મ પ્રકારની લાગણીનું જો તટસ્થતા પૂર્વક પૃથક્કરણ કરીશું તો તેમાંથી જીવનથી ભાગી જવાની-ભય સેવીને ભાગી જવાની-વૃત્તિ દેખાશે. આપણે તો જીવનનો સ્વીકાર કર્યો છે. આપણે જ્ઞાનપૂર્વક જીવનમાં જે કંઇ એવા બહેનો સાથેના પ્રસંગ મળે, જે કંઇ સંજોગો ઊભા થાય, પ્રાપ્ત પ્રવૃત્તિ અનુસાર જે કોઈના સંબંધમાં આવવાનું બને, તેમાંથી આવા કોઈ ભય સેવીને દૂર ભાગી જવાનું ન હોય. આમ કરવામાં કોઇ રીતે અસંયમ સૂચવ્યો નથી. સર્વ પ્રકારના ભય કે સંકોચથી બીજાઓએ કે આપણે ઉપજાવેલા ને બાંધેલા ને સમજેલા નિષેધોથી પણ જ્ઞાનભક્તિપૂર્વક મુક્ત થવાનું છે. આ બધું પૂરી જાગૃત્તિથી હેતુના તથા જીવન-ધ્યેયના જ્ઞાન-ભાન સાથે આપણે કરવાનું છે. બહેનોના અંતરના આશીર્વાદ મળે, તો તે જીવનમાં ઘણાં સહાયક થઈ પડે છે. જીવનમાં શુધ્ધ પ્રેમભાવનો વિકાસ એકાગ્ર ને કેન્દ્રિત થાય તે જોવાનું છે.

(જીવનસંશોધન, આ.૧, પૃ.૧૦-૧૧)

***

અનુભવીની નજરે

-પૂજ્ય શ્રી મોટા

# દેશસેવા માટે પૂજ્ય શ્રી મોટાનો કૉલેજ ત્યાગ

## સ્વાતંત્ર્યના સંગ્રામમાં કેટલાય જુવાનોના જીવનનો તે ખપ્પરમાં ભોગ લેવાયો હશે! : આ કામ દેશના જુવાનિયાઓ નહીં કરે તો બીજું કોણ કરી શકવાનું છે?

(આજકાલ દેશના યુવાનોમાં જેવો જોઈએ તેવો દેશપ્રેમ જોવા મળતો નથી, દેશ માટે સર્વસ્વ ફના કરવાની ભાવના કે તૈયારી પણ નથી. તેમના આદર્શ આવા લડવૈયાઓ, સંતો નહીં પણ ફિલ્મના કલાકારો છે અને તેમને જોઈને એ પણ તેના જેવા જ બનવાનું વિચારે છે. જે યુવાનોમાં દેશપ્રેમ છે તેમનામાં પણ મહાત્મા ગાંધીજી પરત્વે, એમના કાર્યો પરત્વે અજ્ઞાનતા પ્રવર્તી રહી છે અને તેઓ તેમને યથાયોગ્ય સ્થિતિમાં સમજી શકે તેવી સ્થિતિ નથી. ત્યારે પૂજ્ય શ્રીમોટાનું ગાંધીજી અંગેનું લખાણ યુવાનો માટે પ્રેરક બનશે એ ઉદ્દેશ સાથે આજથી આ લેખમાળા શરુ કરી રહ્યાં છીએ.-સંપાદક)

કૉલેજના અભ્યાસના કામમાં તો પ્રભુકૃપાથી ઠરીઠામ થઈ શકવાનું પૂરેપૂરું બન્યું હતું અને એકપછી એક દિવસો આનંદથી વીત્યે જતાં હતાં, ત્યાં એક મોટો ભારે ધડાકો થયો. રૉલેટ કાયદાની સામે ગાંધીજીએ પોતાના શરીરના માંદગીના બિછાનેથી પણ પડકાર આપીને સત્યાગ્રહ કરવાની શરુઆત કરવાનો નિર્ણય જાહેર કર્યો અને પ્રજાને અહિંસક રીતે તાલીમ આપવાને માટે એપ્રિલની ૬ઠ્ઠી તારીખનો દિવસ સામૂદાયિક પ્રાર્થના, અપવાસ અને હડતાળનો જાહેર કર્યો. પ્રજાએ આનો સારામાં સારો જવાબ આપ્યો, પણ તે જ દિવસે પંજાબમાં ભારે રમખાણો થયાં અને સરકારે ત્યાં પ્રજાની ઉપર ભયંકર જુલમ કર્યો. પંજાબના હત્યાકાંડની હકીકતો જેમ જેમ બહાર પડતી ગઈ, તેમ તેમ લોકોના દિલ પણ ચોંક્યાં. અને પંજાબના હત્યાકાંડનો ન્યાય મેળવવાના એક નિમિત્તકારણે ભારતને સ્વરાજ અપાવવાના મૃક્તિસંગ્રામનો પેગામ સત્યાગ્રહ દ્વારા ગાંધીજીએ દેશને આપ્યો.

તેવા પ્રકારના કાર્યક્રમમાં કૉલેજમાં ભણતા જુવાનિયાઓને પણ તેમણે હાંકલ કરી. મને પણ ત્યારે એટલું બધું લાગી આવેલું કે 'હવે કૉલેજમાં ઘણવું એ નિરર્થક છે. **દેશનું કામ દેશના જુવાનો નહીં કરે, તો બીજું કોણ કરશે?**' એમપણ બહું જ ભાવનાથી તે બધું લાગી આવતું. વાતાવરણમાં ઉશ્કેરાટ પણ ભારે હતો. કૉલેજ મારે માટે છોડી દેવી એટલે જીવનમાં જે થવાનું ધ્યેય અત્યાર સુધી સેવ્યું હતું અને જે જે બધી અભિલાષાઓ ઘડી હતી, તે તો બધી ભાંગીને ભુક્કો થઈ જવાની હતી. વળી, કુટુંબ ગરીબાઈની આર્થીક ભીંસમાં ઘેરાયેલું હતું. તેનાથી તેને ઊંચે તારવવા માટે મેં પણ મનમાં નિર્ધાર્યું હતું અને મારા કુટુંબીજનો પણ તે માટે મારા પર આશા રાખતાં હતાં અને તેના મીટા સ્વપ્ન પણ સેવતાં હતાં. હું કૉલેજ છોડી દઉં તો જે અમદાવાદમાં ગુજરાત વિદ્યાપીઠની સંસ્થા ઉઘડવાની હતી ત્યાં જઈને તેમાં ભણી શકવાની મારે માટે કોઈપણ શક્યતા હતી જ નહીં. વળી, તે કાળે જે જે બધાં મદદ કરતાં હતાં, તે બધાંનો વિચાર હું કેલેજમાં આગળ અભ્યાસ કરું તે જ પ્રકારનો હતો. એટલે હું

કૉલેજ છોડી દઉં તે પરત્વે તેમનો પણ ઘણો ઘણો અણગમો હતો. તેમનો અણગમો વહોરી લેવાનું આવે તો તેનું મને દુઃખ પણ ઘણું થતું હતું. મને તત્પરતાથી મદદ કરવાને માટે મારા સુધી લંબાયેલો જીવતોજાગતો મદદનો હાથ હું ધૂત્કારી કાઢતો તો ન હતો, પણ તે વેળા દેશની સેવા કરવાનો પણ ધર્મ છે, એવું દિલમાં જરુર લાગી ગયું હતું.

મને મદદ કરનાર સ્વજનોએ ઘણું સમજાવી જોયું કે 'ભાઈ, તું ઉશ્કેરાટનો માર્યો આ બધું કરે છે, તે તારે માટે અને તારા કુટુંબને માટે યોગ્ય નથી. તું રખડી પડશે અને તારું કુટુંબ પણ રખડી પડશે. તે બિચારાં તારા પર આધાર રાખી રહેલાં છે. તે બધાંને તું રઝળતાં કરી મૂકશે. તું જ પોતે વિચારને! તને આગળ ભણવાની ગરજ કેવું થવાને માટે પ્રગટી હતી? તે તારા જીવનના સ્વપ્નાં બધાં અધ્ધર જ લટકી જવાનાં. માટે આ ઉશ્કેરાટ બેત્રણ વર્ષમાં શમી જાય ત્યારે ત્યાં સુધી તું ભણ અને પછી તને જેમ ઠીક લાગે તેમ કરજે'.

આપણાં ભલા માટે જે સ્વજન આપણે માટેની ભાવનાથી વિચારતાં હોય અને મદદ પણ કરતાં હોય, તેવા સ્વજનની સલાહને એકદમ ફેંકી દેવી, એ તો તદ્દન મૂર્ખામીનું કામ છે, તેવું ભાન મને પ્રભુકૃપાથી તે કાળે પણ હતું. કૉલેજનો ત્યાગ કરનારા કેટલાય જુવાનિયાઓએ તેમના વડીલોને અને તેમનું હિત વાંછનારને સ્વચ્છંદતાથી અવગણ્યાં છે અને તેમને 'ડરપોક', 'કાયર' એવી એવી ઉપાધિઓથી બિરદાવેલાં છે. એની જાણ મને પૂરેપૂરી છે. વડીલો પરત્વે સદ્દભાવ, આદરનું ભાન અને તેનાયે ઉપરાંત વળી જે જે સ્વજન આપણાં હિતેશ્રી હોય તેમનાં તેમનાં પરત્વે આપણાં હૃદયની કેવી કેવી આભારવશ કુંણી કુંણી લાગણી જન્મેલી હોવી ઘટે, આવા પ્રકારનું઼ા કૉલેજનો ત્યાગ કરનાર યુવાનોમાં હું પ્રગટેલું જોઈ શક્યો નહોતો. તેમનામાં એક પ્રકારની ધૂન પ્રગટેલી જરુર હતી. આ જ કારણે કેટલાક કૉલેજ છોડનાર જુવાન ભાઈઓને ઉદ્ધત થતાં પણ મેં નિહાળ્યાં છે.

પ્રભુકૃપાથી ત્યારે પણ મને ભાન પ્રગટેલુ કે સમાજના આવા પ્રકારના વર્તનભાનથી અસહકારને માટે અહિંસાની જે ભાવના સમાજમાં પ્રસરેલી હોવી ઘટે તે સમાજના આવા વર્તનથી કરીને કદી પણ પ્રસરી ન શકે એવું લાગતું હતું. તોપણ મહાત્મા ગાંધીજીએ સમાજની ભાવનાને ઉન્નત દિશામાં પ્રગટાવવાના કાજે જે અથાક જહેમત ઊઠાવી છે, તે તે નકામી પણ જવાની નથી, તે પણ સમજાતું.

આગળપાછળ આવો ભયંકર વંટોળનો પ્રચંડ હુમલો પ્રગટેલો હતો, જ્યાં ત્યાં બધે 'હો, હા'નું વાતાવરણ હતું, ત્યારે મારા જીવનના હિતેશ્રી સ્વજનો મને તે ઉશ્કેરાટના વમળમાં તણાઈ ન જવાને સંબોધે તે તદ્દન વાજબી હતું અને તેથી તેમની સલાહને મેં કદી પણ અવગણી નથી. એટલું જ નહીં પણ કેટલાય દિવસ એના પર દિલમાં દિલથી મંથન ચલાવ્યાં કરેલું છે અને શાંત ચિત્તે વિચાર્યું છે. મારા પિતાને પોલીસોએ જુલમથી મારેલાં, તે દૃષ્યએ પણ મારા કૉલેજ ત્યાગમાં ભાગ ભજવ્યો છે. ત્યારે એમ પણ લાગતું કે હવે જીવનનો પ્રવાહ કોઈ બીજી દિશામાં પ્રભુકૃપાથી આપણને દોરી જવાનું કરે છે. **દેશની સેવા કરવાનો પણ આપણો ધર્મ છે. બીજા દેશોએ જે સ્વાતંત્ર્ય મેળવ્યું છે, તે સ્વાતંત્ર્યના સંગ્રામમાં અમારા જેવા કેટલાય જુવાનોના જીવનનો તે ખપ્પરમાં ભોગ લેવાયો હશે! દેશનું સ્વાતંત્ર્ય મેળવવાનું કામ આપણે દેશના જુવાનીયાઓ નહીં કરીએ તો બીજું કોણ કરી શકવાનું છે?**

(પ્રેરક વિભૂતિ મહાત્મા ગાંધી, પૃ.૧થી ૫, આ.૩)

(વધું આવતા અંકે)

# શિવ સ્તુતિ

-અજ્ઞાત

શંભુ શરણે પડી, માગું ઘડી રે ઘડી,
કષ્ટ કાપો, દયા કરી દર્શન શિવ આપો.
તમે ભક્તોના દુઃખ હરનારા,
શુભ સૌનું સદા કરનારા;
હુ તો મંદ મતિ, તારી અકળ ગતિ,
કષ્ટો કાપો, દયા કરી દર્શન શિવ આપો. શંભુ..
આપો ભક્તિમાં ભાવ અનેરો,
શિવ ભક્તિમાં ધર્મ ઘણેરો;
પ્રભુ તમે પૂજો દેવી પાર્વતી પૂજો,
કષ્ટો કાપો દયા કરી દર્શન શિવ આપો.શંભુ..
અંગે ભસ્મ સ્મશાનની ચોળી,
સંગે રાખો સદા ભૂત ટોળી;
ભાલે તિલક કર્યું, કંઠે વિષને ધર્યું,
અમૃત આપો, દયા કરી દર્શન શિવ આપો. શંભુ..
નેતિ નેતિ જ્યાં વેદ કહે છે,
મારુ ચિતડુ ત્યાં જાવા ચહે છે,

સારા જગમાં છે તું, વસુ તારામાં હું,
શક્તિ આપો, દયા કરી દર્શન શિવ આપો. શંભુ..
હું તો એકલ પંથી પ્રવાસી,
છતાં આત્મા કેમ ઉદાસી;
થાક્યો મથી રે મથી, કારણ મળતુ નથી,
સમજણ આપો, દયા કરી દર્શન શિવ આપો. શંભુ..
આપો દ્રષ્ટિમાં તેજ અનોખું,
સારી સૃષ્ટીમાં શિવરૂપ દેખું;
મારા મનમાં વસો, આવી હૈયે હસો,
શાંતિ સ્થાપો,દયા કરી દર્શન શિવ આપો. શંભુ..
ભોળો શંકર ભવ દુઃખ કાપો,
નિત્ય સેવાનું શુભ ધન મને આપો,
ટાળો માન-મદ, ગાળો સર્વ સદા,
ભક્તિ આપો, દયા કરી દર્શન શિવ આપો. શંભુ..
અંગે શોભે છે રુદ્રની માળા,
કંઠે લટકે છે ભોરિંગ કાળા,
તમે ઉમિયા પતિ, અમને આપો મતિ;
દયા કરી દર્શન શિવ આપો. શંભુ..

સાક્ષાત્કાર

-યોગેશ કવીશ્વર

# સૂર્ય સ્થિર હોવાના આધારે જ યુગોથી વૈદિક ગણના

## કોઈ રોજ માત્ર ૪૦ મિનિટ આપે તો ઈશ્વરની શક્તિનો અનુભવ થવાનો ભારતના વૈજ્ઞાનિકનો વિશ્વને ખૂલ્લો પડકાર : લખનઉંના વૈજ્ઞાનિક વિપુલ સેન સાથે સાક્ષાત્કાર

(આજકાલ એક એવો વર્ગ છે જે વિજ્ઞાનમાં વિશ્વાસ ધરાવે છે અને ઈશ્વરના અસ્તિત્વને નકારે છે. તેઓ માત્ર પ્રમાણ સાથેના જ જ્ઞાનમાં વિશ્વાસ કરે છે જે સારી વાત પણ છે. ત્યારે ભારતમાં જ જન્મેલા એક વૈજ્ઞાનિક શ્રી વિપુલ સેન આધ્યાત્મિક વિજ્ઞાનના પણ વૈજ્ઞાનિક છે. તેઓ કેમિકલ ઍન્જીનીયર અને ભારતના હિંદીભાષાના જાણીતા કવિ પણ છે. વૈજ્ઞાનિક હિંદી ત્રિમાસિકના સંપાદક છે. તેમણે મા જગદંબાનો સાક્ષાત્કાર કર્યો છે અને ભારતીય સંસ્કૃતિ તથા સનાતન ધર્મ વિશે ખૂબ જ ઊંડૂ જ્ઞાન ધરાવે છે. કેટલાએ યોગીઓ અને સાધકોના સંપર્કમાં આવ્યાં છે અને તેનો અભ્યાસ કર્યો છે. તેમનો દાવો છે કે તેમની બતાવેલી પદ્ધતિ મુજબ કોઈપણ રોજ ૪૦ મિનિટ આપીને પોતાના ઘર પર ધ્યાનનો નિયમિત પ્રયોગ કરે તો કોઈને પણ ઈશ્વરની શક્તિનો અનુભવ થઈ શકે છે. તેમની સાથેના વાર્તાલાપમાં તેમણે અનેક રહસ્યોનું પણ ઉદ્દઘાટન કર્યું છે.)



**સંપાદકઃ** મેં આપનું વ્યાખ્યાન સાંભળ્યું છે. મનનીય હતું. કેટલાક પ્રશ્નો મારે પૂછવા છે જેમાં વૈજ્ઞાનિક સંશોધનની આવશ્યક્તા છે જે આપ કરી શકો છે.

**વિપુલ સેનઃ** કોઈપણ પ્રકારનું સ્પષ્ટિકરણ કે સંશોધનનું સ્વાગત છે. આ ચર્ચા અહીં સૌની સામે ખૂલ્લામાં જ થવી જોઈએ.

**સંપાદકઃ** હા. તો હું કેટલાક સવાલો પૂછું છું તે આ મુજબ છે. હું આ વિષયો ઉપર લાંબા સમયથી અન્વેષણ કરી રહ્યો છું. ઘણાં પ્રશ્નો એવા છે કે જેના જવાબો મળી ગયાં છે અને બીજા એવા કેટલાએ પ્રશ્નો છે જેના જવાબો મેળવવાના બાકી છે. આજકાલ લોકો સનાતન સંસ્કૃતિની મજાક ઊડાવે છે અને તેની સામે સવાલો ઊઠાવે છે તેમને સાચો ઉત્તર આપવામાં આવે તો સત્ય સૌની સામે આવી શકે. તો પહેલો સવાલ એ કે આપણી સંસ્કૃતિ કેટલા વર્ષો પુરાણી છે? પશ્ચિમના લોકો તો ૫૦૦૦ વર્ષથી આગળ વિચારી શકતાં નથી અને તેમના દ્વારા રચવામાં આવેલા ઈતિહાસમાં ઋગ્વેદને પણ ૩૦૦૦ વર્ષ પ્રાચીન અને આપણી સંસ્કૃતિને ૫૦૦૦ વર્ષ જૂની બતાવવામાં આવે છે. આપણે સત્યને સાબિત કેવી રીતે કરી શકીએ?

**વિપુલ સેનઃ** જૂઓ. આપણાં વેદો અને આપણી સનાતન સંસ્કૃતિ અનુસાર ધરતી ઉપર વારંવાર ચક્ર ચાલ્યું આવે છે. મતલબ કે આ સૃષ્ટિ પૂરી વિનાશ પામે છે અને ફરીથી પુનઃ નિર્માણ થાય છે જેને મન્વંતર કહેવામાં આવે છે. એક મન્વંતરમાં કેટલાય કરોડ વર્ષો લાગે છે. આપણે અત્યારે ૨૮માં મન્વંતરમાં છીએ. મતલબ કે સૃષ્ટિ ૨૭ વખત આ

પહેલા નષ્ટ થઈ ગઈ છે, તે પૂરી પૂરી વિનાશ પામી છે અને ૨૮મી વખત તેનો વિકાસ થયો છે.

હવે આપ વિચારો કે ચારે તરફ માત્ર શૂન્ય ઊર્જા જ છે, નિરાકાર જ છે. પછી એ કંપનથી, સ્પંદનથી ઈ ઈક્વલ ટૂ એમસી સ્ક્વાયરના હિસાબે ઊર્જા માસમાં બદલાય છે. પછી આ માસ એટલે કે વસ્તુઓ વિભિન્નરુપોમાં ગતિમાન થઈને માનવના નિર્માણ સુધી પહોચે છે. હવે આપ પોતે જ વિચારો કે વિજ્ઞાનની એક સીમા છે. એ ત્યાં સુધી ન પહોચી શકે જ્યાં આપણે ધ્યાન દ્વારા, સૂક્ષ્મ શરીર દ્વારા યાત્રા કરીને જ્ઞાન આપી શકીએ છીએ.

મારી જાણમાં એવા લોકો છે જે આ પ્રકારની સૂક્ષ્મયાત્રા કરી શકે છે. પણ તે સૌની સામે આવવા નથી માગતા કારણ કે એવું કરવાથી પ્રદર્શન થશે, પ્રદર્શનથી લોકો ટિપ્પણીઓ કરશે, ટિપ્પણીઓથી મનમાં વિક્ષોભ ઊભો થશે અને વિક્ષોભ થવાના કારણે આ બધું નષ્ટ થઈ જશે. એટલે આપણી પાસે આ કાળગણના માટે વૈદિક જ્ઞાનને બાદ કરતાં બીજો કોઈ વિકલ્પ નથી અને આપણું સામર્થ્ય પણ નથી કે આપણે તેને સત્ય કે ખોટું સાબિત કરી શકીએ.

**સંપાદક:** પ્રથમ તો આપનો ખૂબ ખૂબ આભાર. આપણી આ વૈદિક કાળગણનામાં સમયની ખૂબ જ સૂક્ષ્મ રીતે ગણતરી કરીને સત્ય રજૂ કરવામાં આવ્યું છે. ત્યાં સુધી કે બ્રહ્મલોકનો સમય અને આપણી પૃથ્વીના સમયમાં રહેલું અંતર પણ બતાવાવમાં આવ્યું છે. આ ઘણું જ ઉન્નત જ્ઞાન છે અને આધુનિક વિજ્ઞાન ત્યાં સુધી પહોચી શક્યું નથી. બીજી તરફ ૫૦૦૦ વર્ષ જૂના ઈતિહાસની જે કલ્પના કરવામાં આવે છે તે પુરાતત્વના સંશોધનોનો આધાર લે છે અને તેથી તેને સાચી અને વૈજ્ઞાનિક માનવામાં આવે છે અને આપણી વૈદિક કાલગણનાને કાલ્પનિક માનવામાં આવે છે. આ પરિસ્થિતિ આપણી સંસ્કૃતિ અને સત્યના ઊજાગર થવા માટે ઘાતક છે. એટલે આપણે આ દિશામાં થાય એટલા પ્રયત્નો કરવા જોઈશે. હવે બીજો સવાલ..

**સંપાદક:** આપણે જાણીએ છીએ કે પ્રાચીનકાળમાં ભારતમાં ખગોળવિદ્યા ઘણી જ વિકસીત હતી. આપણે બીજા ગ્રહો પર જીવનની પણ શોધ કરી છે. તો પછી સૂર્ય સ્થિર છે અને પૃથ્વી તેની પ્રદક્ષિણા કરે છે એ સત્ય આપણે કેમ પામી ન શક્યાં?

**વિપુલ સેન:** પૂરેપૂરી જ્યોતિષની ગણના એ જ આધાર પર છે કે સૂર્ય સ્થિર છે અને ગ્રહો તેનું ચક્કર લગાવી રહ્યાં છે. તે બધું આપણે ત્યાં વૈદિકકાળથી જ છે. હવે કોઈએ એમ ન કહ્યું હોય કે સૂર્ય સ્થિર છે પણ જ્યોતિષની ગણના તો આ જ આધાર પર છે અને તે પણ વૈદિકકાળથી છે. એ આવશ્યક નથી કે નાનામાં નાની વાતનો ઉલ્લેખ કરવામાં આવે. કેમ કે આજના જમાનામાં નાનો બાળક પણ મોબાઈલ ચલાવી લે છે અને મને એના જેમ મોબાઈલ ચલાવતા નથી આવડતો તો એનો અર્થ એ નથી કે તે બાળક બહુ જ વિદ્વાન છે અને હું મૂર્ખ છું.

**સંપાદક:** ઓહો! આ મોટી વાત ધ્યાનમાં આવેલી જ નહીં. સૂર્યને જોઈને લોકો એમ જ માને છે કે તે પૃથ્વીની પ્રદક્ષિણા કરે છે. પુરાણોમાં પણ સૂર્યદેવ સાત ઘોડાના રથ પર સવાર થઈને નીકળે છે એવું વર્ણન છે એટલે લોકોમાં ભ્રમ ઉત્પન્ન થયો છે. આજે પણ આપણાં દેશના લોકો એમ સમજે છે કે સૂર્ય સ્થિર છે એ સત્યની શોધ પશ્ચિમના વૈજ્ઞાનિકોએ કરી છે. જ્યારે આપણે વૈદિકકાળથી એ સત્ય જાણીએ છીએ! હવે ત્રીજો પ્રશ્ન..

**સંપાદક:** ભારતમાં વિમાનની શોધના વિષયમાં આપનું શું માનવું છે?

**વિપુલ સેન:** વિમાન શાસ્ત્ર પર વૈમાનિક શાસ્ત્ર એ નામનું એક પુસ્તક છે. તે નેટ પર પીડીએફમાં ઉપલબ્ધ છે પણ તેના ઘણાં શ્લોક લુપ્ત થઈ ગયાં છે.

આ પુસ્તને કાંગડી ગુરુકૂળના એક સ્વામીએ ૧૯૫૪માં પુનર્જીવિત કર્યું. આ એક આખું શાસ્ત્ર છે. મને ઋષિનું નામ યાદ નથી પણ તે ગ્રંથમાં તેમનું નામ લખ્યું છે. મેં મારી વૈજ્ઞાનિક પત્રિકામાં આ વિષય પર આખો લેખ લખ્યો હતો.

**સંપાદકઃ** આપણે આપણી યોગવિદ્યાને વૈજ્ઞાનિક પ્રયોગોની જેમ વિશ્વની સામે કેમ સિદ્ધ કરી શકતાં નથી? જો એવું કરવામાં આવે તો હિપ્નોટિઝમની જેમ બધાં તેનો સ્વીકાર કરે.

**વિપુલ સેનઃ** જેમ મેં આગળ કહ્યું હતું તેમ આપણી આ જે વિદ્યાઓ છે તેનું પ્રદર્શન કરવાથી મનની અંદર કોઈપણ રીતે વિક્ષેપ ઊભો થઈ જાય છે , અહંકાર આવી જાય છે અને વિક્ષેપ ઊભો થવાના કારણે સિદ્ધિઓના કાર્યને પૂર્ણ કરવામાં રુકાવટ ઊભી થાય છે અને ધ્યાન નષ્ટ થઈ જાય છે. એટલે આપણે ત્યાં આ બધાનું પ્રદર્શન કરવામાં આવતું નથી. તે સજ્જન પુરુષો માને છે કે બધું જ ઈશ્વર કરે છે તો તેઓ જગતની ચિંતા કરતાં નથી. આપણે માનીએ કે ન માનીએ તેમને કોઈ ફર્ક પડતો નથી. પણ જૂઓ તો શ્યામચરણ લાહીડી મહાશય, મહર્ષિ યોગાનંદની ધ સ્ટોરી ઓફ હિમાલયન કે મહર્ષિ અમરના પુસ્તકો વાંચશો તો તેમાં તમામ પ્રકારના અનુભવોનું વર્ણન છે. સંતો કે સિદ્ધ પુરુષો હંમેશા છુપાયેલા રહીને જગતના કલ્યાણ માટેના કાર્યો કરે છે. અત્યારમાં આપણને જે લોકો કાર્ય કરતા દેખાય છે તેઓ તો માત્ર પ્રચારકો છે, સિદ્ધ પુરુષો નથી.

**સંપાદકઃ** આ જ રીતે આપણે ઈશ્વરના અસ્તિત્વને પણ સાબિત ન કરી શકીએ? આખી દુનિયાની લડાઈ ખત્મ થઈ જાય. આપણાં દેશમાં તો અનેક લોકોએ એનો (ઈશ્વરનો) સાક્ષાત્કાર કર્યો છે.

**વિપુલ સેનઃ** જો હું એમ કહું કે વૈજ્ઞાનિક દુનિયાના સૌથી મોટા મૂર્ખ હોય છે તો તેમાં કશું ખોટું નથી. **તે યંત્રો દ્વારા માપે છે અને યંત્રોનું નિર્માણ તો મનુષ્ય કરે છે પણ તેઓ કદી મનુષ્યો પર વિશ્વાસ નથી કરતાં.** બીજી તરફ કોઈ વિજ્ઞાનિકને કહીએ કે તમે માત્ર છ મહિના સમય આપો તો તેમની પાસે સમય હોતો નથી પણ કોઈ ખગોળીય ઘટનાના નિરીક્ષણ માટે તેઓ વર્ષો સુધી પ્રયાસરત રહેશે, ચિંતન કરશે અને સમય આપશે.

જગતમાં કોઈપણ કાર્ય કરવા માટે આપે સમય આપવો પડે છે. તો આપને ઈશ્વરનો સાક્ષાત્કાર રેડી મેઈડ ફાસ્ટફૂડની જેમ કઈ રીતે પ્રાપ્ત થઈ શકે છે? અહીં હું નાસ્તિકોને ચુનૌતી આપવા માગું છું કે **જો તમે મને સમય આપી શકતા હો તો રોજ ૪૦ મિનિટ આપના ઘર પર આપો અને કોઈપણ પ્રકારના ધનના ખર્ચ વગર આપને ઈશ્વરનો સનાતન શક્તિઓ અનુભવ થશે. આ હું સૌની સામે ઘોષણા કરું છું.**

**સંપાદક :** આપનો ખૂબ ખૂબ આભાર. આપને જ્યારે પણ સમય મળે, આપની પાસે જે પણ સાહિત્ય હોય તે મને અવશ્ય મોકલશો. હું તે અન્ય લોકો સુધી પહોચાડીશ. એક રીતે જોઈએ તો એ સારી વાત છે કે આપણી વિદ્યાઓ હજુ પશ્ચિમના લોકોના હાથમાં લાગી નથી નહીંતર એ પણ આપણી નહીં રહે.

પ્રાચીન ભારતમાં આવા બધાં પ્રયોગો જાહેરમાં પણ થતાં હતાં એટલે લોકોને તેમાં ન માનવા જેવું કશું જ નહોતું. આપણે આકાશમાં ઊડતાં, અદૃષ્ય થતાં, નર નારાયણ જેવા ઋષીઓ પોતાની જાંઘમાંથી ઊર્વશીને ઉત્પન્ન કરી શકતાં. ત્રિશંકુ માટે અલગ લોકનું નિર્માણ કરવાનું સામર્થ્ય પણ હતું. એટલે આ કળીયુગનો પ્રભાવ છે નહીંતર બીજા યુગોમાં આપણે ઈશ્વરના અસ્તિત્વને સાબિત કરવાની એટલી આવશ્યક્તા નહોતી તેમ મને લાગે છે.

(મૂળ હિંદી વાર્તાલાપનો ભાવાનુવાદ)

★★★

દેશભાવના, સંસ્કૃતિ અને અધ્યાત્મનો સમન્વય

# શાશ્વત સંદેશ

# લવાજમ યોજના

**વાર્ષિક લવાજમ રુ.૧૦૦**

## આજે જ આપના લવાજમની રકમ ભરી દો અને દર મહિને વાંચનનો રસથાળ મેળવો

---

## ઈ-બૅંકીંગ, મની ઓર્ડરથી ૫ કે ૧૦ વર્ષનું લવાજમ મોકલી શકાય છે

આપણે સિનેમા વગેરેમાં મોટી રકમનો ખર્ચ કરતાં હોઈએ છીએ ત્યારે અમે લાવી રહ્યાં છીએ પ્રતિ માસ માત્ર રુ.૮ના ખર્ચમાં શિષ્ટ, સંસ્કારી સાહિત્યનો રસથાળ

### લવાજમ મોકલવાનું સ્થળ:

યોગેશ કવીશ્વર,
શાશ્વત સંદેશ કાર્યાલય,
મું. લાપાળિયા, તા.જિ. અમરેલી-૩૬૫૬૦૧

### ઈ-બૅંકીંગથી રકમ મોકલો:

ખાતું: યોગેશ કવીશ્વર
બૅંક: એસબીઆઈ, અમરેલી
ખાતા નં.૩૩૮૩૫૫૪૫૭૨૫
**IFS CODE: SBIN0000312**



**હૈ પ્રીત જહાં કી રીત સદા, ગીત વહાં કે ગાતા હું**
**ભારત કા રહનેવાળા હું, ભારત કી બાત સુનાતા હું**

Published by YOGESH KAVISHWAR at Shashwat Sandesh Office, Lapaliya Village, Taluka\Dist.-Amreli.
Pin_365601
Owner, Publisher, Editor:- Yogesh Kavishwar
Email: admin@shashwatsandesh.com